અલ–ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને
અઈમ્મતે અબરાર (સ.અ.) ની વસીયતો યાઅની કે

# كِتَابُ الوَصَايَا

# કિતાબુલ વસાયા

સૈયેદના કાઝીયુન્નોઅમાન (આ.કુ.) ના કિતાબ
દઆએમુલ ઈસ્લામમાંથી લિસાનુદાઅવતમાં તરજુમો
ફરમાવી, તરતીબ અને શરહ કરનાર :
**સૈયેદના અબૂ સઇદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.)**

શહરૂલ્લાહિલ મોઅઝ્ઝમ, હિ.૧૪૪૦/ઈ.૨૦૧૯
વડોદરા.

(અલવી જમાઅતનાં મુમેનીન વાસ્તે મખ્સૂસ)

# મુકદ્દેમહ

ઈમામ અબુ જાઅફર મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, હર મુસ્લિમનો વસીયત કરવાનો હક્ક છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)ફરમાવે છે કે, એક મુસ્લિમને લાઈક થાતું નથી કે બે રાતો સૂઈ રહે અને તેના સિરાહના નીચે વસીયત લખેલી ના હોય. સૈયેદના કાઝિયુન્નોઅમાન (ક.રૂ.) એ પોતાના તસ્નીફશુદા કિતાબ દઆએમુલ ઈસ્લામની બીજી જિલ્દમાં વસીયતના બારામાં એક મુકમ્મલ કિતાબ શામિલ કીધા છે જેમાં ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને બાઅઝ અઈમ્મતની વસીયતોની ઝિક્ર કીધી છે અને બાઅઝ વસીયતના કલામ પૂરેપૂરા લખેલા છે. કિતાબુલ વલાયતમાં પણ આપે અઈમ્મતિત તાહેરીન (અ.સ.) ની વસીયતો મુમેનીનની ઝાહિરી બાતિની ઝિંદગીને ઉસ્તવાર કરવા અને શીઈયતની હકીકત અને તેના ફઝાઈલને આશ્કાર કરવા સિલસિલાવાર રકમ ફરમાવેલી છે.

સૈયેદના કાઝી અન નોઅમાન બિન મોહંમદ (ક.રૂ.) એ ચાર ફાતેમી ઈમામોની ખિદમતની બરકાત હાસિલ કીધી હતી. ઈમામ અબુ અબ્દિલ્લાહિલ મહદી (અ.સ.), ઈમામ મોહંમદેનિલ કાઈમ (અ.સ.), ઈમામ ઈસ્માઈલ અલ મન્સૂર (અ.સ.) અને ઈમામ મહદ્દેનિલ મોઈઝ (અ.સ.), એમ ચાર ઈમામોની ઈલ્મી, ઈજતેમાઈ, દરબારી અને શરઈ ખિદમાત અંજામ આપી હતી. ઈમામ મહદી (અ.સ.) સલમીયાથી આફ્રિકા તશરીફ ફરમા થયા અને ૨૯૭ હિ. માં આપના ફાતેમી ઈમામના મરતબા પર ફાઈઝ થયા અને સુલતાને વક્તનો ઝુહૂર થયો અને આપે ફાતેમી સલ્તનત કાઈમ કીધી. તે વક્ત આપ હઝારો કિતાબોનો ખઝાનો આપને સાથે લાવા હતા. આપે સૈયેદના કાઝીયુન્નોઅમાનને ફિકહ-યાની કે ઈસ્લામી શરીઅત-દઆએમુલ ઈસ્લામ અને દુનિયાવી માઅલુમાત પર કિતાબ તસ્નીફ કરવા ફરમાન કીધું. જેની આપે તાઅમીલ કીધી અને દઆએમુલ ઈસ્લામ નામના કિતાબ ૧૦૦૦ સાલ પહેલા બે જિલ્દોમાં તરતીબ ફરમાવા, જે તે ઝમાનથી આજ તક દાઅવતે હાદીયહ ઈસ્માઈલીયહ તૈયેબીના ઓલમા વાસ્તે ફિકહી ઈલ્મ હાસિલ કરવાનો મોઅતબર અને મુસ્તનદ સરચશ્મો રહેલો છે અને મુસ્તકબિલમાં રહેશે.

આપના ઝમાનમાં ઈસ્લામી મુલ્કોનાં દુનિયાવી-ઝાહિરી બાદશાહોએ લોગો તેઓની રઈયત અને તાબેદારી બરાબર કરે, આદાબ, તસ્લીમો-રઝા, દરબારી તહેઝીબ અને ઈસ્લામી સકાફતનો ઈઝહાર કરે એ વાસ્તે બેહદ દૌલત ખર્ચ કરીને તેના દરબારને આલિમોથી તેઓની શાનાત અને ખુસુસીયાતને બયાન કરતી કિતાબો તાલીફ કરાવતા હતા. સૈયેદના કાઝીયુન્નોઅમાન (ક.રૂ.) એ જોયું કે, શાને અલી અને ઈલ્મે ઈલાહીના ખઝાના તો ફાતેમી અઈમ્મતે હક્ક છે. એ લોગો તો ગાસિબ, લૂટેરાઓ, જાહિલ, બદતમીઝો બદઅખ્લાક, ફાસિકો ફાજિર નામનિહાદ જૂઠા બાદશાહો છે. આ મિસ્લ કિતાબોની તસ્નીફ તો આલે મોહંમદના સિરાજુમ્મુનીર અઈમ્મતે હોદાત વાસ્તે થાવી જોઈએ કે, જેઓના ફઝાઈલ, મઆજિઝ અને તૌકીરો અઝમત ઝમાનામાં બેનમૂન અને બેમિસાલ છે. અને ઈલ્મે લદુન્ની ઈલાહીના મઝહર અને ખઝાનાઓ છે. તેથી આપે “કિતાબુલ હિમ્મા ફી આદાબે અત્બાઈલ અઈમ્મા” નામના કિતાબ તસ્નીફ ફરમાવા જેમાં કુરઆન, હદીસે નબવી, રિવાયાતે અઈમ્મા માંથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કાઈમ મકામ ઈમામોના ફઝાઈલ, મનાકિબ અને શાનાતે બાહેરાની ઝિક્રે ખૈર ફરમાવી.

આપે એ અમરનો પણ મુશાહેદો કીધો કે, દુનિયાદાર હવા પરસ્ત ઈસ્લામી સુલતાનો અને અમીરો તેના કાતિબો સાથે તેઓની સવાનહે ઉમરી, હયાતે સુલતાની રોઝ-બ-રોઝ, લમ્હા-બ-લમ્હામાં ગુઝરતા વાકેઆતને કલમબંદ કરીને તરતીબ આપી તેની સલ્તનતના લોગોમાં ઉમૂમી તૌર પર નુસ્ખાઓ બનાવીને નશર અને મતબૂઅ કરે છે, તો આપે આપની પૂરી ઉંમરમાં જે જે ઈમામો સાથે સૈર કરી હતી અને એ દરમિયાન જે મકાલેમાત અને મુઝાકેરાત ઈમામે વક્ત સાથે થયા હતા તેના એક જામેઅ કિતાબ બનામે “અલ મજાલિસ વલ મુસાએરાત” તરતીબ આપા અને અંદાઝે ૩૫ સાલના વાકેઆત, કિસ્સાઓ અને મજલિસોની તકારીર અને મવાઈઝ એક કિતાબમાં જમા કરી એક બેનમૂન શાહકાર અને તારીખી અખ્બારી દસ્તાવેઝ ઈમામ અને ઈમામતના મોઅતકેદીન વાસ્તે પૈશે ખિદમત મુકા, જે આજ દિન તકપણ લાકીમત તારીખી તસ્નીફ ગરદાનવામાં આવે છે.

અગર આ નાચીઝ અઈમ્મતે ફાતેમિયીન (અ.સ.) ના દૌરમાં જે જે

દોઆતે બલાગ અને ઓલમાએ મજલિસે ઈમામ આલી મકામ થયા, તેની વજહ, સબબ, ઈલ્મી મવાદ અને મત્ને ઊલૂમની ઝિક્ર કરે તો બેશુમાર કિતાબોની જિલ્દ બની જાય પણ યહાઁ પર ઈખ્તેસારથી કામ લઈને હમારા આ કિતાબને તરતીબ આપવાના મકસદને જ ફક્ત વાઝેહ કરીએ છીએ. દાઅવતે હાદીયહની તરબીયત, આદાબ અને શરીઅતના અરકાનની કિતાબોમાં અલ ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને અઈમ્મતે અબરાર (અ.સ.) ના ઝબાને મુબારકથી અદા થયેલી વસીયતો બયાન કરવામાં આવેલી છે. સૈયેદના કાઝી નોઅમાન (ક.રૂ.) એ અકસર વસીયતો આપના કિતાબ દઆએમુલ ઈસ્લામમાં શામિલ કીધી છે અને દીગર દોઆતે પણ અઈમ્મત ફાતેમીયીનના ખુત્બાઓ માંથી અને ઈમામતના ઈસ્બાતની હુજ્જતો દલીલ બયાન કરતી કિતાબો માંથી આ વસીયતો જમા કરીને એક બેનમૂન ઈલ્મી અને સકાફતી સરમાયો ઓલમાએ દાઅવતની ખિદમતમાં મુકેલો છે જે આજ તક ઈસ્માઈલી આદાબની હકીકી તસ્વીર અને શાન બયાન કરે છે.

ઝાહિરી હશ્વીયહ જમાઅતની બે પાયા અને ગૈર મોઅતમિદ કિતાબોમાં તેઓના કહેવાતા આમ-ગૈર માઅરૂફ આલિમો અને અદિબોની વસીયત પઢવામાં આવે છે જેમાં કોઈ સર યા જિસ્મ યા કદમ હોતા નથી. અહલુલબૈત (અ.સ.) ની શાનાત, ફઝાઈલ, અસલી અખ્બાર અને કલેમાતથી આ ગૈર શીઆ મુસન્નિફો નાવાકિફ બલ્કે જાહિલ હોવાના સબબ વસીયતનામાઓનો મકસદ અને મુરાદ ફક્ત તેઓના મઝહબ, મસ્લક અને અકીદાની મુબાલેગા આમૈઝીથી બયાની જ હોય છે. મુમિનની હયાતે તૈયેબહ અને અખ્લાકે હમીદાને સઁવારવા અને સીંચવા તેઓની કિતાબોમાં અહલુલબૈત (અ.સ.) ની સીરતે તાહેરા અને ખસાએલે તૈયેબહની બયાનીની અછત હોય છે. આ સાથે બાઅઝ અહાદિસે નબવીયહ અને અકાલીમે અલવીયહને પણ ગલત માઅના, મવાદ અને તશરીહ સાથે પૈશ કરવામાં આવે છે. આ સુરતે હાલને ખયાલે શરીફમાં રાખીને મમ્લૂકે ઈમામુઝ્ઝમાન (અ.સ.) એ નિય્યત કીધી કે, કિતાબ દઆએમુલ ઈસ્લામ માંથી અઈમ્મતે અત્હાર (અ.સ.) ની વસીયતોની ઝિક્રને એક એક અલગ-અલગ તરતીબ આપી તેની સહીહ માઅના અને મોતાલેબએ ઝમાનને મુતાબિક તેની તશ્રીહ કરી એના ઈલ્મી ફાયદહને આમ

સમઝ બયાનમાં રૂજુઅ થાય, તાકે જમાઅતના હર તબકાના મુમેનીન એથી ઈલ્મી ફાયેદહ હાસિલ કરે અને મકામાતના સાહેબો જે હકીકતમાં અલ્લાહતઆલાની ઝમીનમાં ખોલફાઓ છે તેઓના કલામની નઝાકત અને અહેમીયતને સમઝી એના પર અમલ કરવાની કોશિશ કરે. આ વસીયતો અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના શીઆ અને ખુસૂસન ફાતેમી ઈમામોના સિલસિલા અને નસ્સમાં માનનારા મુમેનીન વાસ્તે એક મશઅલે રાહ અને શમ્એ હિદાયત સાબિત થાશે. મમ્લૂકને યકીને કામિલ છે કે, આ કલેમાત ઈસ્માઈલી આદાબો તહેઝીબને સઁવારવાને વાસ્તે અખ્લાકી મીકાતને જે કોઈ પઢશે તેના ઝહેનમાં ઈસ્માઈલી-તૈયેબી મઝહબની બલંદી, જામેઈયત, હક્કાનીયત અને ફરદાનીયત સાબિત થાશે અને બેશક, પઢનાર તેના અકીદાઓની સચ્ચાઈ અને અસલીયતની તમીઝ કરશે અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના ઈસ્તેતાર-પરદાપૌશી ના ઝમાનામાં દાઈલ અસ્રે વલ હીનની દાઅવતે હાદીયહમાં તેનું ઈમાન અને અકીદો ઔર મઝીદ-પુખ્તા થાશે અને અલ્લાહતઆલા એના દિલમાં આલમે રૂહાની માંથી નૂર નાઝિલ કરી ઔર ઝિયાદહ મુનવ્વર કરશે અને ઈતાઅતે દાઈએ હક્ક પર એને કાઈમો દાઈમ રાખશે.

આમીન - યા રબ્બલ આલમીન. ✯

વત્તહીયાત,
મમ્લૂકે આલે મોહંમદ (સ.અ.વ.વ.)
અબુ સઈદિલ ખૈર સૈયદના હાતિમ ઝકીય્યુદ્દીન સાહેબ (ઝા.ઈ.)

## તકરીઝે કિતાબ

ખુદાતઆલાનો હમેં શુક્ર અદા કરીએ કે, તેએ હમ મુમેનીનને હમારી દુનિયા અને આખેરત બેવેને સઁવારવાનો અને ઝીનતદાર કરવાનો મૌકો આ મુખ્તસર ઝિંદગી બખ્શીને ફરાહમ કીધેલો છે. હમારી આ બેવે અહમમાં અહમ ચીઝને ઝીનત કઈ તરહ આપવી? તો આ સવાલનો જવાબ ખૂબ આસાન છે કે, દુનિયાની ઝાહિરી ઝીનત વાસ્તે તો દુનિયાનો જ સામાન કાફી છે, અને તે યહાઁ

મિલી પણ જાશે. આ ઝીનત-રાહતને તલબ કરવા તો આજે ચારે તરફ દુનિયાવાલાઓ દરમિયાન, હસદના, હિર્સના, લાલચના, રૂશ્વતના, તકબ્બુરીના અને ધોકેબાઝીના બેશુમાર બાઝારો ધમધમે છે. પણ આખેરતની ઝીનત વાસ્તે ઘણા ઓછા લોગો દુનિતાની રાહતને છોડવા તૈયાર થાય છે. તેમાં ઘણી જ મહેનત છે, અમલ છે અને જેહાદ છે. જે મહેનત મુમેનીન જ કરી શકે છે.

હમેશા જે ઝીનત બાકી રહેશે તે આખેરતની ઝીનત છે. તે વાસ્તે ઈલ્મી અને અમલી જેહાદ વાજિબ છે. આ જેહાદની લુગામ સાહેબે દાઅવતના હાથમાં ખુદાતઆલાએ આપેલી છે. હર મુમિન પર આ બેવે જેહાદ કરવું ઝરૂરી છે. તે બાદ જ મુમિનને આખેરતમાં ઝીનતના તૌર પર આઅલા જન્નતી મકામ હાસિલ થઈ શકે છે. સાહેબે દાઅવતની હર વક્ત એ જ કોશિશ રહે છે કે, મુમિન પહેલા ઈલ્મથી સરફરાઝ થાય પછી અમલના ઝૈવરથી ઝીનતદાર થાય.

હમ જમાઅતના મુમેનીનને આ રાહે જેહાદ પર ચલાવવા દાઅવતે શરીફહના મરકઝ તરફથી ઘણા ઈલ્મી કારનામા અંજામ અપાઈ ચુકા છે. તેમાં ફિકહી અને તારીખી સવાલ-જવાબના કિતાબ, યમની તારીખના કિતાબ, હજ્જ-ઉમ્રહ-ઝિયારતની મનસક, ઈસ્લામના દઆઈમ માંથી-વલાયતની કિતાબ, શરીઅતના આઅમાલના સહીફા, મદ્રસાની ઈલ્મી કિતાબો, દોઆઓની માઅનાના કિતાબ, રમઝાન-નિસ્ફિલ્લૈલની કિતાબ વગૈરહ. યહાઁ પર હવે જે કિતાબની ઝિક્ર કરવામાં આવી રહી છે, તેના મિસિલ કોઈ એવો મવાદ-મેટર પહેલા શાયેઅ કરવામાં આવો નથી.

આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) આપના પુરલુત્ફ બયાનાતમાં એવી ઘણી અહલુલ બૈત (અ.સ.) ને લગતી રિવાયતો ફરમાવે છે કે, જેમાં એવી વસીયતોના કલામ શામિલ હોય છે જે મુમિનની રોઝ-બ-રોઝની ઝિંદગીમાં, ઘરેલું-સમાજી તકાઝાઓ પૂરા કરવામાં અને સાથે-સાથે શરીઅતથી પણ વાબિસ્તગી રાખવામાં કારગર સાબિત થાય છે. ૧૪ માં ઈમામ મૌલાના અલ-મોઈઝ (અ.સ.) ના ઝમાનના ચીફ જસ્ટીસ સૈ. કાઝીયુન્નોઅમાન (ક.રૂ.) ના કિતાબ દઆઈમુલ ઈસ્લામમાં અહલુલ બૈત (અ.સ.) ની વસીયતોને મુતઅલ્લિક એક પૂરો બાબ છે કે જેના માંથી મુન્તખબ કરીને સૈયેદનલ મન્નાન

આકા મૌલા (ત.ઉ.શ.) એ ખાસ નઝર કરીને મુમેનીન વાસ્તે ઈલ્મી જેહાદના પૈરાયામાં તે વસીયતોને દરજ ફરમાવી છે. હર વસીયત કામની છે, ખૈર છે અને ફાયદાકુન છે.

આકા મૌલાનો એમ ઈરાદો છે કે, આ કિતાબના ઝરીએ હમ મુમેનીન અને હમારા ઘરના અહલ, અઈમ્મતે હક્ક (સ.અ.) ની વસીયતોને પઢે, સમઝે અને તે મુજબ ઝિંદગીના દસ્તૂરે અમલને સઁવારે. વસીયતના તૌર પર આ એવા બહેતરીન અખ્લાકને લગતા નુક્તાઓ છે કે, જે હર કોઈને કામમાં આવશે. આપ મૌલાનો મન્શા એવો છે કે, શહરૂલ્લાહના બાબરકત અય્યામમાં જે વક્ત મુમેનીન દેવડી મુબારક પર આપના દસ્તે મુબારક પર વાજેબત અદા કરવા આવે, તો આપ હદીયતન આ કિતાબુલ વસાયાને મુમેનીનને ઈનાયત ફરમાવે. જેથી હમ મુમેનીનને યાદ રહે કે, વાજેબાત અદા કરવાના મૌકા પર સાહેબે દાઅવત તરફથી આ નાયાબ ઈલ્મી તોહફો હાસિલ થયો છે.

લેહાઝા, હમ મુમેનીન, આ ફાતેમી વસીયતોની કિતાબને ઘરના કોઈ કોના પર ના મુકી દેતા, તેને પઢીને, બીજાને પઢાવીને તેની ઝિક્રને એ મુજબ દિલો ઝમીરમાં વસાવીએ કે, આ કિતાબ હમારા અખ્લાકને અને હમારા અમલને ઝીનતદાર બનાવે. નાકામની ગુફતગૂ અને મેસેજીંગમાં વક્ત ઝાયેઅ કરવા કરતા જો એક પણ વસીયત હમેં મન લગાવીને પઢીશું, તો ઝરૂર તે વસીયત નૂર અને બરકત બનીને હમારામાં ઝલકી ઉઠશે અને અઈમ્મતે હક્કની સીરતો સૂરતને હમેં હમારી આ મુખ્તસર ઝિંદગીમાં સમવી શકીશું. આ તરહની આદત જ હમારા તરફથી આઅલા ઈલ્મી અને અમલી જેહાદ ગિનાશે, જેનાથી દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની રઝામંદી અને ઈનાયત હમેં હાસિલ કરી શકીશું. ✯

વત્તહીયાત,
મમ્લૂકે દાઈયુઝઝમમાન (ત.ઉ.શ.)
મુકાસિરૂદ્દાઅવત મોહંમદ ભાઈસાહેબ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.)
૨૨ શાઅબાન ૧૪૪૦ હિ. / ૨૭-૦૪-૨૦૧૯ ઈ.
વડોદરા.

# દઆએમુલ ઈસ્લામ

## (૧)

**મેં તમારામાં, મારા શીઆમાં જે અલ્લાહતઆલાની ઈતાઅત અને માઅસીયતની રોક-ટોકની એવી કોઈ સિફત જોતો નથી જેથી તમારી માઅરેફત કરી શકું.**

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) થી રિવાયત છે કે, કેટલાક મરદોની કૌમ આપના પાસે દુનિયાના કામોના સિલસિલામાં સવાલ કરવા વાસ્તે પધારા. એ લોગો કામ નિકાલવા વાસ્તે આપના શિઆપનાને વસીલો બનાવીને કહેવા લાગા કે, અય અમીરૂલ મુમેનીન (અ.સ.)! હમે આપના શીઆ છે. મૌલાના અલી (અ.સ.) ઘણા વક્ત તક એમની તરફ નઝર કરતા રહ્યા, તે બાદ આપે ફરમાવું કે, "મેં તમને પહેચાનતો નથી અને તમે લોગો જે શીઆપનાની વાત કરો છો તેનો અસર મેં તમારામાં જોતો નથી. હકીકતમાં અમારા શીઆ તો એ છે કે, જેઓ અલ્લાહ અને એના રસૂલ પર ઈમાન લાવે, એની તાઅત મુતાબિક અમલ કરે અને નાફરમાનીથી દૂર રહે અને હમેં જે કઈ અમર કરીએ અને જેની તરફ દાઅવત કરીએ તેની બાખુશી ફરમાઁબરદારી કરે. હમારા શીઆ સૂરજ, ચાંદ અને તારાઓને જોતા રહે છે તાકે તેઓ પાંચે વક્તની નમાઝોનાં વક્તોથી વાકેફ રહે, હમારા શીઆ તે છે કે, જેના હોઠો સૂખા હોય, એના પેટો પતલા હોય, એના ચહેરાઓ પર જપ-તપ-ઈબાદતના આસારો હોય. તે લોગો કે જે તેમના હક્ક સિવાયનું ના માંગે યા લોગો પર ઝુલ્મ ના કરે યા તેના હક્ક બગૈરની ચીઝ હડપ ના કરે, તેના પર કબ્ઝો ના કરે."

**ફાયદહ** : મૌલાના અલી (અ.સ.) ના વસાયત અને ખિલાફતના ઝમાનમાં લોગો શીઆપનાનો વસીલો લઈને આપને નઝદીક દુનિયાના ઊમૂર અંજામ અપાવવા વાસ્તે ખિદમતે મુતરઝવીયહમાં હાઝિર થાતા હતા કે જેથી મૌલા તે લોગોની તહેસીનો તૌસીફ કરે. પણ મૌલા તો આખિર આપના અકીદતમંદોના ચહેરા પર નઝર કરીને જ અલ્લાહના નૂરથી તેઓની આગલી પાછલી ઝિંદગીના હાલાત, રવિશ, અખ્લાક, ચાલ-ચલણ

અને સિફ્તો ખસલત જાણી લેતા હતા અને તેઓને શીઆના નામનો ગૈર-ફાયદો લેવાથી રોકતા હતા અને એની શરતો અને હાલાતથી વાકિફ કરતા હતા, તાકે આપની ખિદમતમાં હાઝિર થાનાર હરએક શખ્સને કુલ્લી તૌર પર ખબર થાય કે, અલી (અ.સ.) ના શીઆ ખૌલસાની સીરત અને ખસલત કઈ તરહની હોવી જોઈએ અને તેઓનો અલ્લાહતઆલા સાથે અને લોગો સાથે રવૈયો અને વહેવાર કઈ શાકેલતનો હોવો જોઈએ. આપે એક મુખ્લિસ શીઆની ઝિંદગી ગુઝારવાના તરીકાનો ચિતાર અને નકશો આપી દઈને શીઆઓને ફક્ત નામથી નહીં પણ અમલે ખૈરથી શીઆપનાને ઝીનત બખ્શવા નસીહત ફરમાવી દીધી હતી.

## (૨)

## તમેં તમામ હમારા વાસ્તે ખામોશ દાઈઓ બનીને અલ્લાહની તાઅત પર અમલ અને હરામ વાતોથી પરહૈઝ કરનાર બનો, જેથી તમારી આ સિફત હમારી તાઅલીમ અને તાઅદીબના સબબ હર શહેર-કરીયામાં તમારી તાઅઝીમ અને ઈઝ્ઝતનો સબબ બને.

મૌલાના અબુ અબ્દિલ્લાહ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, કુફાથી આપના શીઆ માંથી કેટલાક લોગો આપના કલામ સાંભલવા અને હુસૂલે ઈલ્મ વાસ્તે આપની ખિદમતમાં પૈશ થયા. જહાઁ તક ઈમ્કાન થયા વહાઁ તક તે લોગો મદીનતુલ મુનવ્વરહમાં રોકાયા, આપ પાસે આમદો-રફત કરતા રહ્યા, આપને સાંભલતા રહ્યા અને ઈલ્મ હાસિલ કરતા રહ્યા. એમનો વદાઅનો વક્ત આવો તો આપની ખિદમતમાં હાઝિર થયા અને ફરમાવું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! આપ હમને કંઈ વસીયત ફરમાવો. આપે ફરમાવું કે, "મેં તમને અલ્લાહના તકવા-ડરની વસીયત કરૂં છું, અલ્લાહની તાઅત પર અમલ કરવાની અને એની માઅસીયત-નાફરમાનીથી દૂર રહેવાની, જેએ તમને અમાનત સોંપી હોય તેને અદા કરવાની વસીયત કરૂં છું. તમે જેની સોહબત કરો એને સાથે ખુશ અખ્લાકીથી સોહબત નિભાવવાની અને ખામોશ દાઈઓ બનવાની

વસીયત કરૂં છું.” તે લોગોએ અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! હમેં ખામોશ રહીને આપની લોગોને દરમિયાન કઈ તરહ દાઅવત કરીએ? આપે ફરમાવું કે, “હમેં તમને જે જે અમર કરીએ તે પર અલ્લાહની તાઅત મુતાબિક અમલ કરતા રહો અને જે મુન્કર ચીઝોથી હમેં તમને રોકીએ તે અલ્લાહની હરામશુદા ચીઝોથી દૂર રહો.”

સચ્ચાઈ અને અદલો ઈન્સાફથી લોગો સાથે મુઆમેલાત કરતા રહો, અમાનતની અદાએગી કરો, મઅરૂફ-નૈકીનો હુકમ કરતા રહો, મુન્કર-હરામનાં કામોથી મનાઈ કરતા રહો અને તમારા માંથી કોઈને પણ બીજા લોગો જોઈ તો ખૈર અને ભલાઈના કામ કરતા જ જોઈ. આ તરહથી લોગો તમને ખૈર હાલત અને તમારી ખૂબીઓ સાથે જોશે તો કહેશે કે, આ ફલાનો ફિરકોછે, ફલાના ઈમામને અલ્લાહતઆલા રહેમત કરજો કે, એના અસ્હાબ કેટલી ખૈર અદબ શીખાવે છે અને આથી તેઓ હમારામાં જે ફઝલો શરફ છે તે જાણી લેશે અને હમારી (ઈમામની) તરફ દોડતા હુવા આવશે.

હમારા બાવાજી મૌલાના મોહંમદુલ બાકિર (અ.સ.) પર શાહિદી આપીને કહું છું કે મેં આપને એમ ફરમાવતા સાંભલા છે કે, આગલા ઝમાનમાં હમારા ઔલિયા શીઆ તે ઝમાનમાં લોગોમાં નૈકોકાર હતા. અગર કબીલામાં કોઈ મસ્જિદનાં ઈમામ હોય તો તે શીઆ માંથી હોય, અગર કબીલામાં કોઈ મુઅઝ્ઝિન હોય તો તે શીઆ માંથી હોય, અગર કોઈ થાપણ રાખનાર હોય તો તે શીઆ માંથી હોય, અગર કોઈ અમાનત રાખનાર હોય તો તે પણ શીઆ માંથી જ હોય અને અગર કોઈ એવા આલિમ હોય કે તમામ લોગો પોતાના દીનને જાણવા વાસ્તે અને ઘરેલું મુઆમેલાતમાં સલાહ-મશ્વરા કરવા વાસ્તે તે આલિમના પાસે આવતા હોય તો તે પણ શીઆ માંથી હોય. તો તમેં પણ એ જ મિસ્લનાં બનો. લોગોના દિલોમાં હમારી મોહબ્બત પૈવસ્ત કરો, બુગ્ઝો અદાવત નહીં.

**ફાયદહ :** ઈમામ આલી મકામ ફરઝંદે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને રૂબરૂ ઈલ્મની વાતો સાંભલવાનો રિવાજ ઈમામ મૌલાના હસન (અ.સ.) થી વીસમાં ફાતેમી ઈમામ મૌલાના આમિર (અ.સ.) તક જારી હતો, કેમકે,

ઈમામ અને દાઅવતના સાચા અને મુખ્લિસ અકીદતમંદો અઈમ્મતે ફાતેમીયીનને જ ઈલાહી ઈલ્મના ખઝાના માનતા હતા અને ઈલ્મી ફાયદો લેવા આપની દેવડી મુબારક પર પધારતા હતા અને જે તે શહરમાં ઈમામુઝઝમાન (અ.સ.) નો કિયામ હોય તેમાં એક અરસા તક રૂકતા હતા. ઈલ્મ તલબ કરવા અગર જાવાનું થાય તો સફર કરવી જોઈએ. ઈલ્મ પાનીની મિસ્લ છે. પ્યાસો પાનીને નઝદીક સૈરાબ થાવા આવે છે, પાની પ્યાસાને કરીબ જાતું નથી. પહાડોંનાં ચશ્માનું પાની પાક હોય છે અને પીનાર તેના ખોબલામાં લઈને પીએ છે કે, પાનીમાં કોઈ ફસાદ યા બિગાડ યા મિલાવટ તો નથી ને! અલ્લાહતઆલા જે એના પસંદીદહ બંદાઓને ઈલ્મથી નવાઝે છે તે જ ઈલ્મ મુઅતબર અને ભરોસાલાયક છે અને ફાતેમી ઈમામો અને આપના દોઆત સિવાય બીજા કોઈ આ ઈલ્મ વાસ્તે દાઅવત કરે તો તે બાતિલ છે, આ ફઝલ જેને અલ્લાહતઆલા ચાહે તેને જ અતા કરે છે.

રિવાયતમાં ઈમામ આલી મકામ જે વસીયત અને નસીહતની શાકેલત અને પૈરાયામાં ઈલ્મો હિકમતના મોતીઓથી શીઆઓને નવાઝે છે તેમાં દુનિયા અને આખેરતની ઈસ્લાહ છે અને મઆદે મહમૂદ હાસિલ કરવા વાસ્તે રૂહાની તૌશો છે. ઝબાનથી બોલીને યા કે ખામોશ રહીને કઈ તરહથી એક દાઈની ઝિમ્મેદારી એક આમ ખાલિસ મુમિન અદા કરી શકે છે તેનો તરીકો ઘણાં ઉમદા અલ્ફાઝમાં બયાન કરેલો છે. ઈમામ (અ.સ.) આપના હર કલામમાં અલ્લાહની તાઅતનો અમલ, ઈમામની ફરમાઁબરદારી, મઅરૂફ અને મુન્કરની ઝિક્ર કરે છે, જેથી ઈમાનની હકીકતોને કામિલ કરવાની વાત દોહરાવે છે. શરીઅત સિવાય મુમિન પર તરીકત અને નૈક સુલૂકથી લોગો પૈશ આવવાની રગબત અપાવે છે. નૈક અદબ અને હુસ્ને સુલૂકથી શીઆપનાની પહેચાનને ચાર ચાંદ લાગી જાય છે એ હકીકતથી લોગોને આશ્ના કરે છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, આપના બાવાજીસાહેબ ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) નાં ઝમાનમાં શીઆઓને તે ઈઝ્ઝો વકાર હતો કે હર કબીલામાં ઈમામે મસ્જિદ, મોઅઝ્ઝિન,

અમીન, થાપણ રાખનાર શીઆ માંથી હતા અને લોગો એમની પરહૈઝગારી અને ઝોહદો તકવાના સબબ તાઅઝીમ કરતા હતા. આખિરમાં આપ લોગોના દિલોમાં ઈમામની મોહબ્બત પૈવસ્ત કરવાની અને બુગ્ઝો અદાવત ઝાઈલ કરવાની પૂરજૌશ નસીહત ફરમાવે છે.

## (૩)

## હમારી તાઅતથી જ અલ્લાહની અને એના રસૂલની તાઅત થાય છે. શફાઅત હમારા મોહિબ્બોને જ મિલે છે જે હમારા દરજાતને જાને છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી બયાન છે કે, આપને ખબર મિલી કે આપના શીઆ માંથી ચંદ લોગો અમલમાં કૌતાહી (કુસૂર) કરે છે, તો આપે તેઓને નસીહત કીધી અને ભારી કલામ કહ્યા. આપે જે કંઈ ફરમાવું એમાં એમ પણ હતું કે, કોઈ શખ્સ અલ્લાહતઆલાએ એને પર ફરઝ કીધેલા અમલમાં કોઈ કુસૂર કરે તો એને અલ્લાહની રહેમત નહીં પહોંચે અને યૌમે કેયામત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલની શફાઅતનો કોઈ હિસ્સો પણ નહીં મિલે. તેથી (અય લોગો) અલ્લાહતઆલાએ તમારા પર શું શું ફરઝ કીધું છે તે સાંભલો અને તેના પર અમલ કરો. તમે અલ્લાહ અને એના રસૂલની નાફરમાની ના કરો અને હમારા કોઈ કૌલની મુખાલેફત કરીને હમારા આસી (નાફરમાન) ના બનો, અલ્લાહના કસમ! સિવાય તે અલ્લાહ કોઈ નથી, આમ કહી આસ્માનની તરફ ઈશારો કીધો અને હમેં છે, આમ કહી પોતાના હાથથી પોતાના નફસની તરફ ઈશારો કીધો અને "હમારા શીઆ હમારા માંથી છે અને બાકીના લોગો જહન્નમમાં છે. હમારા સબબથી જ અલ્લાહની ઈબાદત થાય છે અને હમારા સબબથી જ અલ્લાહની મઅસીયત થાય છે, કેમકે જે શખ્સ હમારી તાઅત કરે તેએ ખુદાની તાઅત કીધી અને જે હમારી નાફરમાની કરે તેએ અલ્લાહની નાફરમાની કીધી. હમારી તાઅતને ફરઝ કરતાં પહેલા અલ્લાહનો આ મિસ્લ પુખ્તા ઈરાદો થઈ ચુકો

છે કે, અલ્લાહતઆલા કોઈના પણ અમલને કબૂલ નહીં કરે મગર હમારા સબબ અને કોઈ પર રહેમ નહીં કરે મગર હમારા સબબ અને કોઈને અઝાબ નહીં કરે મગર હમારા સબબ . હમેં અલ્લાહના દરવાઝા અને હુજ્જત છે અને એના ખલ્ક ઉપર એના અમીનો-હિફાઝત કરનારાઓ અને એના ભેદ-મખ્ફી વાતોના હામિલો-ઉચકનાર છે અને એના ઈલ્મનાં મુસ્તવદઅ-અમાનત થાપણ મુકવાની જગા છે, જે શખ્સ હમને પોતાના માલ માંથી હમારો હક્ક અદા નહીં કરે તેના વાસ્તે જન્નતમાં કોઈ નસીબ નથી."

**ફાયદહ :** શરીઅત તે ઈલ્મનાં ખઝાના તરફ વારિદ થાવું છે અને આ ઈલ્મે ઈલાહીના જીવતા જાગતા હાઝિરો નાઝિર ખઝાના ઈમામે ઝમાના સિવાય બીજા કોણ હોય શકે છે? તો જે ઈમામે ઝમાનાથી શરીઅતની તમામ માઅલૂમાતને હાસિલ કરે, કલામો સાંભલે અને એના આઅમાલમાં કૌતાહી, સુસ્તી અને લગઝિશ કરે તો ઈમામ એના પર ગઝબનાક થાય જ અને એને સખ્ત કલામથી નસીહત ફરમાવે જ ને! કેમકે શરીઅત પર અમલ કરવાથી જ નજાત છે અને એથી જ ઈન્સાનને કમાલ અને શફાઅતનો હિસ્સો હાસિલ થાય છે.

ઈમામની હર કોઈ નસીહતમાં અલ્લાહ અને એના રસૂલ અને અઈમ્મતની ફરમાઁબરદારીની તાકીદ હોય જ છે, જે જન્નતનો રસ્તો છે અને મોટી કામિયાબીનો હુસૂલ છે. શીઆને નઝદીક અલ્લાહના હુજ્જત ઈમામ છે જેની માઅરેફતથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને અલ્લાહની માઅરેફત થાય છે જે ઈબાદત કરવાનો સબબ બને છે અને ઈમામની નાફરમાની અને આપથી દૂરી અને ઈન્કાર અલ્લાહની ઈબાદત ભુલાવવી છે. ઈમામ જ ઈબાદતે રબ્બાનીની ટોચ પર પહોંચવાનો દરવાઝો અને હુજ્જત છે અને આપ જ ઈલ્મે ઈલાહીના ખઝાના છે અને થાપણ છે અને અલ્લાહતઆલાએ આપેલા માલ માંથી જે કોઈ ઈમામનો હક્ક અદા નથી કરતો તેની નફસને નજાત નથી અને જન્નતમાં તેનું કોઈ નસીબ નથી.

## (૪)

## નાફરમાનીથી દૂરી અને અલ્લાહની ખુશીને તાબેઅ થાવું, હકીકી શીઆની સિફત છે જે લોગોને તેઓની તરફ માઈલ કરે છે.

સિફત છે જે લોગોને તેઓની તરફ માઇલ કરે છે.

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે મુફદ્દલને ફરમાવું કે, અય મુફદ્દલ હમારા શીઆને કહો કે, તમે હમારી તરફ દાઅવતના કરનારા બનો, અલ્લાહની હરામ કરેલી ચીઝોથી દૂર રહીને અને તેની નાફરમાનીથી બચીને અને અલ્લાહતઆલા જે ચીઝોથી રાઝી હોય તેને તાબેઅ થાઓ. જો એ લોગો એવા થઈ જાશે તો લોગો અમારી તરફ દોડતા હુવા જલ્દી આવશે એમ સમઝીને આ ઈમામોએ જ એમના શીઆને આ સીરત શીખાવી છે.

**ફાયદહ** : દાઅવત યાઅની તેડું, ઈઝન યા કે બુલાવો. દાઅવત કરનાર, બુલાવનારને દાઈ કહેવાય. દાઅવતે હાદીયહના રૂહાની મરતબાઓમાં ઈમામ (અ.સ.) ના સતરના ઝમાનમાં દાઈએ મુત્લકનો મરતબો ઝમીન પર અલ્લાહતઆલાના હુજ્જત, ખલીફા અને ઈમામની નિયાબત અને નુમાઈંદગી કરે છે અને નબીએ નાતિકથી લઈને દાઈએ મુત્લક તક તમામ એક માઅનામાં દાઈ જ કહેવાય જે લોગોને દાઅવત દે અને તૌહીદે ખાસની તરફ બુલાવી તેની માઅરેફત કરાવે. દાઈ એની કૌમનાં રાસ, રઈસ, સૈયદ અને રાહનુમા હોય છે જેની નઝર એ જ તરહની હોય છે જેમ ઈમામની એના અકીદામાં માનનાર ઔલિયા પર અને જેમ સૂરજની અફલાકના બીજા તમામ સય્યારાત અને કવાકિબ પર (ગ્રહો અને તારાઓ પર) હોય છે. હરએક મુમિન તેના રાહનુમા દાઈએ હક્કની સીરતો ખસલતનો તરજુમાન અને મઝહર હોય છે. દાઈ યા કે ઈમામ હર વક્ત તેના મરતબાની અઝમતના સબબ લોગોની પાસબાની વાસ્તે લોગોના દરમ્યાનનાં તબકાઓમાં હર વક્ત રહી શકતા નથી, જહાઁ તક તેના માનનારાઓ મોઆશેરા અને મુજતમેઅ (સમાજ) ની બદીઓની ઈત્તેલાઅ ઈમામને ન આપે.

આ સબબથી જ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) આપના ખાસ શીઆઓ અને આપથી ઈલ્મી ફાયદો હાસિલ કરવા આવનાર લોગોને તેના શહર અને ગામનાં લોગોનાં હાલ પૂછતા હોય છે, તાકે આપ ઝરૂરી હિદાયતો નસીહત પહોંચાવી શકે અને શરીઅતના અહકામની ઝરૂરી તાઅલીમ વાસ્તે આપના સબકોમાં આવવાની રગબત આપી શકે. એક મુમિન ખુદ આ તરહની નસીહતને કુબૂલ કરીને એ પર અમલ દર આમદ થાય તો  આ જ ખસલતથી દીગર કુસૂરવાર લોગો એ મુમિન શીઆની આ તરહની ખસલતની છાનબીન કરે અને એને ઈબરતની મિસાલ બનાવે. તેથી એક આલિમ પરહેઝગાર, દીનદાર અને નૈક અખ્લાક મુમિન દીગર લોગો વાસ્તે દાઈ બની જાય છે, નૈકી તરફ દાઅવત દેનાર થઈ જાય છે જેની ઈમામેઝમાન તહેસીન અમે તૌસીફ કરે છે.

## (૫)

## અહલુલ બૈત (અ.સ.) ના હક્કના ફાતેમી ઈમામો દુનિયાની દૌલતના મોહતાજ નથી પણ દીનના કિયામના મોહતાજ છે અને હર અકીદતમંદ પર વાજિબ છે કે, સાલમાં એક વક્ત તેના ઈમામે ઝમાન (અ.સ.) ની મુલાકાત કરી સિલત અદા કરે.

મૌલાના અબુ અબ્દિલ્લાહ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી બયાન છે કે, મુફદ્દલ બિન ઉમરો જોઅફી આપની ખિદમતમાં હાઝિર થયા. એમના પાસે કોઈ ચીઝ હતી તે આપને સામે મુકી. આપે ફરમાવું કે, અય મુફદ્દલ! આ શું છે? મુફદ્દલે અરઝ કીધી કે, મૌલા! આપ પર મારા માઁ અને બાવાજી ફીદા થાય આપને આ મવાલી અને ગુલામો તરફથી સિલો છે. આપે ફરમાવું કે, અય મુફદ્દલ! તે હું ઝરૂર કુબૂલ કરીશ પણ કસમ ખુદાની હું આને ઝરૂરત કે હાજતનાં માઅનામાં કુબૂલ નથી કરતો. ફક્ત આ ગરઝથી કુબૂલ કરૂં છું કે, યે સિલા લેવાથી તેઓને પાક કરી દઉં. તે બાદ આપે પુકાર કીધી કે, અય જારીયા (લોંડી)! જારીયા હાઝિર થઈ. આપે એને ફરમાવું કે, ગુઝિશ્તા રાતે મેં તુંને જે ડબ્બી આપી હતી તે લાવ. જારીયા ખજૂરના પાંદડાથી બનેલી ડબ્બી-

નાની પેટી લાવી અને આપને સામે મુકી. આપે એને ખોલી તો એમાં એક એવો જૌહર (કિમતી પત્થર) હતો કે જાણે આગના શોઅલા એની મિસ્લ કોઈ જૌહર તે દિન તક જોવામાં ન્હોતો આવો અને એવી તરહ ચમકી રહ્યો હતો જેમ કે તેમાંથી આગના શોઅલા મુજબના શોઅલા નિકલતા હોય. આપે ફરમાવું કે, અય મુફદ્દલ! શું આ જૌહર આલે મોહંમદ (સ.અ.) વાસ્તે કાફી નથી. મુફદ્દલ એ અરઝ કીધી કે, અલ્લાહ મને આપ પર કુરબાન કરજો, કેમ નહીં. કસમ ખુદાના! આ જૌહર કરતા કમતર પણ આલે મોહંમદ (સ.અ.) વાસ્તે કાફી છે. તે બાદ આપે તે ડબ્બી બંધ કીધી અને જારીયાને આપી દીધી. તે બાદ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, મારા બાવાજીસાહેબને મેં કહેતા સાંભલા છે કે, જે શખ્સનું એક સાલ પુરૂં થાય અને તે તેના માલ માંથી થોડું યા ઝિયાદહ સિલત સાથે લાવીને અપને ન આપે તો અલ્લાહતઆલા તેની તરફ કેયામતના દિન નઝર નહીં કરે, મગર એ કે અલ્લાહતઆલા એને મુઆફ કરી દે. તે બાદ આપે ફરમાવું કે એ મુફદ્દલ! જાણી લો કે બેશક, તે સિલો અરઝ કરવું ફરીઝત છે કે જેને અમારા શીઆ પર (અલ્લાહતઆલા) એ ફરઝ-વાજીબ કીધું છે, અલ્લાહ એના કિતાબમાં ફરમાવે છે કે, "લન તનાલુલ બિર્ર હત્તા તુન્ફેકુ મિમ્મા તોહીબ્બુન", યાઅની કે, તમે ભલાઈને હરગિઝ હાસિલ નહીં કરી શકો જહાઁ તક તમારી પસંદીદહ (મહેબૂબ) ચીઝ (માલ) ને ખર્ચ નહીં કરો. બેશક હમેં જ ભલાઈ અને તકવાના લોગ છે અને હિદાયતના રસ્તાઓ છે. તે બાદ આપે ફરમાવું કે, જે શખ્સ અમારા કોઈ પણ ભેદને ઝાહિર કરશે તો તે શખ્સે હમારાથી દુશ્મની કીધી છે તે બાદ ફરમાવું કે મારા બાવાજીસાહેબને મેં કહેતા સાંભલા છે કે જે શખ્સ અમારા ભેદને ઝાહિર કરશે તે બાદ સોનાના પહાડોથી પણ હમારી સિલત કરશે તો પણ હમારાથી દૂર જ થાતો જાશે.

**ફાયદહ** : સિલત યાઅની હદીયો, તોહફો યા કે તબર્રુકાત કે જે ઈમામ (અ.સ.) અને એના દાઈની હઝરતે આલીયહમાં મુલાકાત કરતી વક્ત અરઝ કરવામાં આવે છે. ઈમામે ઝમાના હર તેના મુમિનનાં જાન માલનાં માલિક છે અને ઈમામતનાં મુલ્કના બાદશાહ છે. આપ ખુદાના હુજ્જત છે, તેથી તમામ કરતા ગની અને તવંગર છે કે આપના કબ્ઝામાં

બેશુમાર લોગોના જાનમાલની મિલ્કીયાત છે જેની કીમતનો અંદાઝો લગાવવો મુશ્કિલ બલ્કે મોહાલ છે. તેથી ઈમામ (અ.સ.) ની નઝરમાં દુનિયાવી માલ, મિલ્કીયત, ઝમીન, મકાન, જવાહેરાતની કોઈ કદરો કીમત નથી હોતી. માલિકને શું ફિક્ર છે, આવે યા કે જાય. ખર્ચ કરે યા ન કરે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) તો આપના સહાબી મુફદ્દલ જોઅફીને સમઝાવે છે કે, તમેં જે કઈ સિલાત-હદીયાત કુફાના શીઆઓ તરફથી લાવેલા છે તે એક વરસમાં કમ અઝ કમ એક વક્ત ઈમામ (અ.સ.) ને અરઝ કરવા લાઝિમ છે અને આ એક હક્કે વાજિબ છે તેથી હમેં એને કુબૂલ કરીએ છીએ તાકે હમારા શીઆ હમારા આ અમલથી અને તેઓ વાસ્તે અમારી દોઆથી રાઝી થાય. આ હદીયાત અને સિલાત પૈશ કરીને શીઆ અમારા પર અહેસાન નથી કરતા અને અમારી હાજતો ઝરૂરીયાતોને પૂરી નથી કરતા, બલ્કે અલ્લાહતઆલાએ જે દૌલત આપી છે તેમાંથી એક હિસ્સો જ આપે છે અને જો કોઈ ઈમામને સિલાત ના આપે તો તેના મુઁહ સામે યૌમે કેયામત અલ્લાહતઆલા જોશે નહીં. બિર્ર અને ભલાઈ હાસિલ કરશે નહીં. ઈમામેઝમાના જ ભલાઈ અને તકવા (પરહૈઝગારી) ના લોગો છે અને હિદાયતનાં રસ્તાઓ છે.

ઈમામની મુલાકાત અને તેઓ સાથે બેઠકને દૌરાન થયેલી ગુફતગૂને અમાનત રાખવાની એક ખાસ અદબ છે. ઈમામ જે કોઈ શીઆના બારામાં માઅલૂમાત ચાહે યા કે તેની બદસુલૂકી કે બદીનીના બારામાં આગાહ કરે યા કે શરીઅતનાં અરકાન અને કાનૂનની મખ્ફી વાતો યા તાવીલી નુક્તા બયાન કરે યા કે મુલાકાતી કે જેએ તેના અને તેના ઘરવાલાના બારામાં સવાલ કીધા હોય અને ઈમામથી મશ્વરા યા હિદાયત ચાહી હોય, આ તમામ વાતો આઅલા ભેદ સમઝીને તેના દિલમાં રાખે, ઝાહિર ન કરે. જો કોઈ આ વાતને અમાનત સમઝા બગૈર ઈમામની વાતોને હરફન હરફન ઝાહિર કરી દે તો તેએ ઈમામ સાથે દુશ્મની કીધા બરાબર છે. એવા ચાડીયા લોગોને જ્યારે ઈમામની તેની તરફ નારાઝગી અને ખફગીનો સબબ માઅલૂમ પડે છે તો ઈમામની નઝરમાં બેગુનાહ અને બેકુસૂર સાબિત કરવા ઈમામને બહેતર લાગે અને

ખફગી ઝાઈલ કરવા એવા શખ્સો હદીયાત-સિલાતમાં ઈઝાફો કરતા હોય છે. પણ ઈમામ ફરમાવે છે કે, આ તરહના રાઝને ફાશ કરનાર લોગો અગર સોનાનાં પહાડથી પણ ઈમામની સિલત કરે, કીમતી હદીયાત અને તોહફાઓ લાવે તો પણ તે ઈમામથી દૂર જ થાતા જાશે અને ઈમામની ખુશ્નુદી કોઈ વક્ત હાસિલ કરી શકશે નહીં.

આજના દૌરમાં બાઅઝ લોગોને હમેં જોઈએ છીએ કે, અરસએ દરાઝ બાદ દાઈએ હક્કની મુલાકાત વાસ્તે આવેલ હોય યા કે દાઈની નારાઝગીનો અંદેશો થયો હોય તો તે હદીયાત અને તોહફાઓથી દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ને ખુશ કરવાની કોશિશ કરે છે અને ખફગી તેમજ બેરૂખી મિટાવવાની કોશિશ કરે છે, પણ હક્કના દાઈ બતૌર ઈલ્હામિલ્લાહિલ તઆલા તેના આ અમલની અસલીયત અને ઈખ્લાસની કમીથી વાકિફ જ હોય છે. કોઈ શખ્સ યકાયક તેની રસમ અને આદતને સિવાય હદીયાત અને મુલાકાતોમાં ઈઝાફો કરે છે તો તેની નીયતમાં ઈખ્લાસની કમી નઝર આવી જાય છે.

## (૬)

## શીઆઓની ઝિલ્લતથી ઈમામુઝઝમાન (અ.સ.) એટલા પરેશાન હોતા નથી જેટલા પરેશાન આપ તેઓમાં અખ્લાકે કરીમાના ઝૈવરની અછત અને તેઓની દુનિયા તરફ રગબતથી ફિકરમંદ હોય છે.

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ મુફદ્દલ બિન ઉમરો અલ જોઅફી અલ કુફીને પૂછ્યું કે, કુફામાં રહેનારા શીઆ અસ્હાબના શું હાલ છે?મુફદ્દલે જવાબ દીધો કે, ઘણાં કમ છે. આ વાત કુફાવાલાને પહોંચી. મુફદ્દલ કુફા પહોંચા તો કુફાના લોગોએ આપને ગાલી-ગલોચ કરીને ઝલીલ કીધા અને આપને મારવા તકનો ઈરાદો કીધો અને ધમકીઓ આપી. આ વાત ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) તક પહોંચી. મુફદ્દલ મદીનામાં પાછા આવા તો ઈમામે તે વક્ત ફરમાવું કે, આ શું વાત છે કે મને પહોંચી છે? આપે

અરઝ કીધી કે, મેં આપ પર ફિદા થાઉં કે એ કુફીઓની વાતથી મારા પર કોઈ ઐબ નથી, કોઈ હરજ નથી. આપે ફરમાવું કે, હાઁ, એ તો એ લોગો વાસ્તે ઐબ છે. ખુદાના કસમ! એ લોગો હમારા શીઆ હોતા તો તમારી વાતથી ગુસ્સે ના થાતા. એ લોગો હરગિઝ હમારા શીઆ નથી. અગર હમારા શીઆ હોત તો તમારી વાતથી ગુસ્સે થાતા જ નહીં અને દિલમાં કચવાતા નહીં. હમારા શીઆની વસ્ફ અલ્લાહતઆલાએ બયાન કીધી છે કે, જે આ કુફાવાલાઓની વસ્ફથી ઉલ્ટી છે. તે શખ્સ જાઅફરના શીઆ જ નથી મગર તે કે જે પોતાની ઝબાનને રોકે, પોતાના ખાલિકના વાસ્તે અમલ કરે, પોતાના સરદારથી ઉમ્મીદ રાખે અને પૂરી તરહ અલ્લાહથી ડરે. યહાઁ તક કે, તેઓના જિસ્મ નમાઝની કસરતથી કમાન જેમ વલી જાય અને ખુદાનો સખ્ત ખૌફ કરવાથી દુબલા કમ્ઝોર બીમાર જેમ થઈ જાય અને ખુશૂઅના સબબ ચૂંચી આઁખવાલા જેમ, રોઝાની કસરતથી પતલા પતલા ઊંટ મિસ્લ અને લંબી ખામોશીના સબબ ગૂંગાની મિસ્લ થઈજાય. તમે મને બતાવો કે તે લોગોમાં એવો કોઈ છે કે જેએ ઈબાદતમાં પૂરી રાત ગુઝારી હોય અને દિનભર રોઝા રાખા હોય અને તેની જાનને દુનિયાની લઝઝતો અને નેઅમતોથી રોકી હોય, અલ્લાહના ખૌફ અને હમેં અહલેબૈત તરફ શૌક કીધો હોય. આ આઅમાલ એ કુફાના શીઆએ કીધા જ ના હોય તે હમારા શીઆ હોય જ ના શકે પણ તે કે જેઓ હમારી બાબતમાં હમારા દુશ્મનોં સાથે ઝઘડો કરતા હોય અને ઝઘડો કરીને હમારી અદાવતમાં ઈઝાફો કરતા હોય છે, કુતરાઓ જેમ ભોંકતા હોય છે અને કાગડાઓની મિસ્લ લાલચ કરતા હોય છે. હોંશિયાર! કસમ અલ્લાહની, અગર મને આ ખૌફ ના હોત કે, તમારા સબબ મેં એ લોગોને વધારે વરગલાવી દઉં તો મેં તમને ફરમાન કરતો કે તમેં તમારા ઘરમાં દાખિલ થઈને તમારા ઘરનો દરવાઝો બંધ કરી દો. તે બાદ એ લોગોના ચહેરાને તમેં ઉમ્રભર જોવ નહીં (મગર તમેં એમ ન કરજો). અગર એ લોગો તૌબા કરી તમારા નઝદીક આવે તો કુબૂલ કરી લો. બેશક અલ્લાહતઆલાએ હમારા માંથી ઈમામોને બાકી રાખા છે કે, હમેં તેના બંદાઓની તૌબા કુબૂલ કરીએ છીએ.

**ફાયદહ :** ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ કુફાના શીઆ

લોગોના વાસ્તે આપના સહાબી મુફદલ (ર.અ.) ને સવાલ કીધો. ઈમામ આપના શીઆઓના ફિક્રો-ખ્યાલ, અકીદતમંદી અને અહલુલબૈત (અ.સ.) ની મોહબ્બતના ખબરગીર છે. તફતીશ કરતા રહે છે. મુફદલ ખાલિસ સહાબી હતા. જે હકીકત હતી તે ઈમામને કહી દીધી. ઈમામથી વાત છુપાવવી તે નિફાક છે. કુફાના લોગોના દિલના હાલાત ખરેખર ઝાહિર થઈ ગયા. **સાચી વાત કડવી હોય છે.** ઈમામ (અ.સ.) પણ જે ખાલિસ અને હકીકી શીઆ હોય અને હક્કગોઈ-સદાકત સાથે વાત કરે એને જ પૂછે. કુફાવાલાઓ પણ જાણતા તો હતા જ કે, મુફદલ કોણ છે અને ઈમામ સાથે એની કઈ તરહની નઝદીકી છે. તે બાવુજૂદ તેઓએ તેમને સાથે બુસુલૂકી કીધી. મારવા તકની હિમ્મત કરી દીધી. એ લોગોનો ગુસ્સો મુફદલ પર ન્હોતો. પણ તેઓના ઈમાનમાં ઝોઅફત હતી. કમ્ઝૌર અકીદાવાલા હતા. તેની ઈમામ તરફની વલાયત અને અકીદતમાં હલકાપણું હતું. ઈમામ ફરમાવે છે કે, મારા સાચા શીઆ હોત તો મુફદલ સાથે આ તરહનો સુલૂક ના કીધો હોત. સાચા શીઆ સાચા ઈમાનદાર હોય છે, ખતા થઈ હોય તો કુબૂલ કરી લે છે. જો કુફાવાલાઓ સાચા હોત તો ઈમામની મુલાકાતમાં આવેત અને વાતની સફાઈ પૈશ કરેત. ઈમામ (અ.સ.) શીઆની સિફત બયાન ફરમાવી.તેઓનો સુલૂક ખુદા, તેના રસૂલ, ઈમામ અને એક આમ અદના મુમિન સાથે શું હોય છે તે સાફ કરી દીધું. મુમિનમાં ઈમાનની હકીકતો તેના જિસ્મના હર આઅઝા પર કઈ તરહ લાઝિમ આવે છે તેની તફસીલ બયાન ફરમાવી દીધી. યહાઁ તક કે, મુમિનના જિસ્મના હાલનો એક પૂરેપૂરો ખાકો બયાન કરી દીધો. ઝાહિરી બાતિની ઝિંદગીનો નકશો ચિતરી આપો. જો આ શાકેલતના આઅમાલ જેના ના હોય તે ઈમામના શીઆ છે જ નહીં. હાલમાં પણ જમાઅતના લોગોનો એવો તબકો છે, ગિરોહ છે જે પોતાના ઈમામની અકીદત અને હકીકત જાણતા નથી, સમઝતા નથી, દાઈ યા કે રઝાના સાહેબના બયાનોમાં હાઝિરી આપતા જ નથી અને બીજાની જૂઠી અને મનઘડત વાતો સાંભલીને એના પર એતેમાદ કરી બેસે છે જાણે કે તે વાત કરનારો હક્ક પર જ હોય! શીઆ તો તે છે કે, જેઓ પોતાના દાઈને મિસાક આપા બાદ તેના અકીદા મુજબ જ આઅમાલ બજા લાવે, તેના

સાહેબના જ બયાન સાંભલે, બીજાના અકીદાને તેના સાથે ના તોલે, બીજાની વાતોંમાં ના આવે, બીજી મસ્જિદોમાં ના જાય, ગૈરની કિતાબો ના પઢે અને ઈમામની ખાતિર તે ઝઘડો કરે અને પોતાની વાતને હક્ક સાબિત કરે. ઈમામે એવા મુનાફિક, બે મુઁહવાલા અને મુઝબઝબ લોગોને કૂતરા અને કાગડાઓની મિસલ કહ્યા છે કે જેની સીરતને તેઓ વલગે છે.

આપ મઝીદ પોતાના દિલનો હમ અને ગમને ઝાહિર કરતા કહે છે કે, આખિરકાર એ લોગોને એના હાલ પર છોડી દઈએ તો આથી ઝિયાદહ બદ સીરત અને બદ અખ્લાક થઈ જાય, તેથી એવા લોગોને મનાવીને તૌબા કરાવી હક્કના રસ્તા પર લગાવવાની આપે નસીહત ફરમાવી છે અને જો ના માને તો એની બદ તીનતી છતી થઈ જાય છે. તેથી ખાસ શીઆઓએ એવા લોગોથી કનારાકશી કરી લઈ ઘરનો ગૌશો ઈખ્તિયાર કરવો જોઈએ.

## (૭)

## ઈમામુઝ્ઝમાન (અ.સ.) થી બેવફાઈ અને તેઓના રાઝને ઝાહિર કરવાથી અલ્લાહતઆલા બંદાની પૈશાનીથી નૂરને ખેંચીને તેને ઝલીલો ખ્વાર કરે છે.

મૌલાના અબુ અબ્દિલ્લાહ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ બાઅઝ શીઆને ફરમાવું કે, હમારા ભેદને છુપાવજો, ઝાહિર ન કરજો. સબબ કે જે શખ્સ હમારા ભેદને છુપાવે, એને ઝાહિર ન કરે તો અલ્લાહતઆલા એને દુનિયા અને આખેરતમાં ઈઝઝતદાર કરે છે અને જે શખ્સ હમારા ભેદને ઝાહિર કરે અને છુપાવે નહીં તો અલ્લાહ એને દુનિયા અને આખેરતમાં ઝલીલ કરે છે અને એની આઁખના દરમિયાન માંથી નૂરને નિકાલી દે છે. હમારા બાવાજી મૌલાના બાકિર (અ.સ.) ફરમાવતા હતા કે, તકીય્યો મારૂં દીન છે (આદત છે, સીરત છે) અને મારા બાવાજીઓનું દીન છે અને જે શખ્સ તકીય્યો ન રાખે તેનું કોઈ દીન નથી. અલ્લાહતઆલા જેમ પસંદ કરે છે કે ઝાહિરમાં તેની ઈબાદત થાય તેમ પસંદ કરે છે કે બાતિનમાં (મખ્ફી તૌર પર) એની ઈબાદત થાય. હમારા ભેદને ઝાહિર કરનાર તેના ઈન્કાર કરનારની મિસ્લ છે.

**ફાયદહ :** ઈમામ આલી મકામ પોતાના શીઆ અકીદતમંદો અને ગૈર સાથેનાં મુઆમેલાત એક ખાસ સિયાસતને માતહત કરતા હોય છે. આપનો વહેવાર અને નઝર હરએક તબકાના લોગો સાથે હોય છે અને ઘરેલું ઉમૂર તેમજ તિજારત, તરીકત, શરીઅત, વતીરત અને મઆીશતના ઉસૂલની તાઅલીમ આપી એ લોગો માંથી હરએકની કાબિલીયત મુજબ કામ લેવાનુંહોય છે. આપને નઝદીક હર શખ્સને વાસ્તે એક ફિક્ર અને સુલૂકનો ખાકો તૈયાર હોય છે જેમાં એને એની અક્લો સમઝ મુજબ ઢાલી કામ લેવાનું હોય છે અને આપવાનું હોય છે. ઝાહિરી અને બાતિની ઝિંદગીના અહેવાલનો જાએઝો લઈ હસ્બે લિયાકત નસીહત કરવાની હોય છે. આકિલને સાથે તેની અક્લો ઝહાનત મુજબ અને જાહિલ-કુન્દ ઝહેનને તેના લિયાકત મુતાબિક સુલૂક અને મુઆમેલો કરવાનો હોય છે. ઈમામ આલી મકામ આપના મનસબે બેમિસાલથી હર શીઆના દિલો જાન અને અકીદઓ આઅમાલ પર આગાહ હોય છે. જેમ બુલંદીથી ઝમીન પરના તમામ ઝર્રા પર નઝર પહોંચે છે તેમ ઈમામની નઝરો નિગાહ આપના મરતબાની બલંદી પરથી હર શીઆ પર હોય છે. આપ લોગોના આઅમાલ પર શાહિદ હોય છે અને આ હકીકતને આપ એકબીજા પર ઝાહિર કરતા નથી. આપ શીઆઓને એના ચહેરાની પૈશાનીની કરચલીઓ અને કલામ કરવાનો તરીકો અને અંદાઝ અને કદમોની ચાલથી પહેચાની જાય છે.

બાઅઝ વક્ત પર આપના ખાસ મુખ્લિસ સહાબીઓને ઝરૂરત પૈશ આવે તો મઆશેરામાં થાતા આવા લોગોના અખ્લાકે નૈક વ બદથી થાતા નુકસાન અને ફાયદાથી આગાહ કરે છે. હરએક સાથે અલગ-અલગ શાકેલત પર આપનો રવૈયો અને રદ્દે અમલ આપના ખાસ સહાબીઓ વાસ્તે સબકની આઅલા કિતાબ હોય છે. તેથી આપ ફરમાવતા હોય છે કે, ઈમામના આઅમાલ અને અફઆલ અલ્લાહતઆલાની ઈનાયત, તાઈદ અને ઈલ્હામથી જ થાતા હોય છે. તેથી આ અસ્રાર યાઅની કે, ભેદી વાતોને કોઈને આગલ ઝાહિર ના કરવી જોઈએ. બાઅઝ વક્ત પર આપનું ફરમાન એ તરહનું હોય કે, બીજાને એ બજા લાવવામાં નુકસાન નઝર આવતું હોય પણ આપ

મૌલાને એમાં ખૈર અને ફાયદો નઝર આવતો હોય. બાઅઝ ઈત્તેલાઅ અને પૈશીનગોઈ, અજીબો ગરીબ પૈરાયા અને પૈમાનાની હોય પણ તે તમામ મુસ્તકબિલમાં પૈદા થાનાર અહેવાલ મુતાબિક મુનાસિબ હોય છે. એઅતેરાઝ કરનાર અને ઐબજોઈ કરનાર એના કાસિર ઈલ્મથી તે સમઝી ના શક્તો હોય પણ ઈમામ સિર્રે ખફીથી માઅલૂમ કરી લેતા હોય છે અને આપ ખાસ સહાબીઓને આગાહ કરી દેતા હોય છે. તેથી ઈમામ આલી મકામની સોહબત, મજલિસ, ગશ્તો સૈરમાં જે કોઈ હોય તે પર વાજિબ છે કે, આપના કલામને સાંભલીને તેને દિલો દિમાગમાં કૈદ કરી લે અને જહાઁ તક નુકસાન યા ખસારાનો અંદેશો ન હોય ત્યાં તક તે રાઝને ફાશ ન કરે. જો અગર નમ્મામી અને ચાડીયાપનું કરશે તો તે ઈમામ સાથે ઝઘડો અને એનો ઈન્કાર કીધા બરાબર છે.

તેથી જ ઈમામ ફરમાવે છે કે, ઝાહિર તેમજ બાતિનની ઈબાદત અલ્લાહતઆલાને પસંદીદહ છે તેમજ ઈમામના સિર્રે ખફીને દિલમાં છુપાવવું એ બાતિની ઈતાઅત અને આપની ખિદમતમાં હાઝિર રહેવું એ ઝાહિરી ઈતાઅત છે. હક્કના ઈમામના ઈબ્લીસ સિફત શૈતાન દુશ્મની કરે જ છે અને ઈમામતને ઠેસ પહોંચાડે છે. આ અલ્લાહની સુન્નત છે અને એમાં કોઈ તબ્દીલી વાકેઅ થાતી નથી. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) મદીનામાં બનુ ઉમય્યાના ખલીફા તરફથી મુકર્રર કરેલા મસ્જિદના ઈમામ પાછલ તકીય્યાના તૌર પર નમાઝ પઢતા હતા અને તે ઝાલિમ અને બાતિલ ઈમામને મસ્જિદનો એક થાંભલો જ સમઝતા હતા. જો આપ મૌલા આ મિસ્લ ના કરતા અને શીઆઓને જમા કરીને અલગ જગા પર નમાઝ પઢાવતા તો તમામ શીઆ આપની ઈત્તેબાઅ અને ઈકતેદાઅ કરતા અને ઝાલિમ નામ નેહાદ બનુ ઉમય્યાના લોગોને શીઆ લોગોની ગિન્તી અને એની પહેચાન થઈ જાતી અને તેઓ ઝુલ્મ તેમજ કત્લો ગારતગિરીમાં ઔર ઈઝાફો કરતા. તેથી આપ બારહા ફરમાવતા કે, તકીય્યો તો મારૂં અને મારા બાવાજીઓનું દીન છે. જે ઝમાનાના તકાઝા અને નઝાકત મુજબ તકીય્યો ના કરે તેનું કોઈ દીન નથી. યાઅની કે, ઈમાન, અકીદો અને તરીકાને પરદામાં રાખી ઝાહિરી લોગો મુજબ અમલ કરવા કે જેથી શીઈયતની દુશ્મનોને ખબર ન પડે. આ એક સિર્રે ખફી હતું કે જે

મખ્સૂસ શીઆઓ જાણતા હતા, ઈમામના અમલની અઝમત અને સીયાસતને પહેચાનતા હતા અને એના પર પોતાની રાય યા કિયાસ આરાઈ યા ઈમામની ઐબજોઈ કરતા ન્હોતા. હર હાલાતમાં એની હકીકત દિલમાં મખ્ફી રાખતા. બનુ અબ્બાસ આલમે ઈસ્લામ પર હાવી થયા તે બાદ પણ અસ સફ્ફાહ અને અબુદવાનીક, પહેલા બે ખલીફાઓએ આપ ઈમામને ઘણી તકલીફો અને ઈઝાઓ પહોંચાવી, પણ આપે ઈલાહી તાઈદ અને મદદથી આપની જાનને બચાવી હતી અને મખ્ફીમાં લોગોમાં ઈમામતની લાઝિમી ઊસૂલ અને માઅરેફતે હકીકી કાયમ રાખી હતી. આપ ઘણા વક્ત આપના અસલી મકાનથી અલગ રહેતા હતા, ચંદ શીઆઓને જ આની માઅલૂમાત હતી. તેઓ આ રાઝ ઘણી જ તસ્દી લઈને ઝાહિર થાવાથી બચાવતા હતા કે ઈમામની ઝિંદગી પર આંચ ન આવે. મૌલાના અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના ઝમાનમાં અને તે બાદ ત્રણ મસ્તૂરીન ઈમામોના વક્તમાં એવા શદીદ વાકેઆત ગુઝરા હતા કે, જેમાં ઈમામ તરફથી મોકલવામાં આવેલા દાઈની ખબર તે શહેરનાં બનુ ઉમય્યાને મિલતી તો દોઆત પોતાની જાન તક કુરબાન કરી દેતા. પણ ઝબાનથી ઈમામના બારામાં એક લફઝ ન્હોતા બોલતા. અહમદાબાદમાં સૈયેદના બુરહાનુદ્દીન દાઉદજી બિન કુતૂબશાહ (ક.રૂ.) અને સૈયેદના બુરહાનુદ્દીન દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) ના ઝમાનમાં ઘણા તંગ અને હૈરતઅંગૈઝ હાલાત ગુઝરા હતા. દુશ્મનોના ખૌફ અને કત્લો હલાકતને બાવુજૂદ હુદૂદે દાઅવતે હાદીયહએ લાજવાબ ફીદાગીરી અને કુરબાનીનો પરચો બતાવો હતો અને દાઈએ હક્કની નિગેહબાની અને હિફાઝત કીધી હતી. હઝારો મુમેનીન અહમદાબાદના ૨૭ મોહલ્લાઓમાં આબાદ હતા પણ દાઈએ મુત્લક કઈ જગા પર કોના મકાનમાં મુકીમ છે તે રાઝને કોઈ હાલાતમાં ખોલતા નહીં. આ એક તરહની ઈબાદતે ઈલ્મીયહ જ હતી. ઝાહિર અને બાતિનની ઝિંદગીનો એક જ અકીદો. મિસાકની દોઆ સિર્રે ખફીને કિતમાન અને પડદામાં રાખવાનો ઈકરાર કરે છે બલ્કે કસમ આપે છે, તેને વફા કરતા હતા. જાનની બાઝી લગાવીને પણ તેઓ દાઈએ હક્ક તેમજ દાઅવતે શરીફહને આંચ ન આવે એવી ખિદમતે દિલી કરતા હતા.

## (૮)

## ઈમામ (અ.સ.) ની ઈમામતના કુલ્લી તૌર પર ઝમાનામાં ઝુહૂરની ચાહત રાખનારાઓને ઈમામ (અ.સ.) ઝબાન બંધ રાખવાની નસીહત કરે છે, તે હકીકતમાં મોટી ઈતાઅત છે.

મૌલાના અબુ અબ્દિલ્લાહ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, પોતાના શીઆ માંથી એક કૌમ આપની ખિદમતમાં પૈશ થઈ. પોતે જે તકલીફોમાં છે તે વાત અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! ક્યારે સહેલાઈ અને કુશાદગી થાશે? આપે ફરમાવું કે, તમેં કુશાદગીની ઉમ્મીદ કરો છો તે મિલે તો તમેં ખુશ થાશો? તમામે અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! કેમ ખુશ ના થઈએ? આપે ફરમાવું કે, અય મારા શીઆ! અગર એમ થાય તો તે વાસ્તે તમે અહલો ઔલાદ અને મોહિબ્બોને છોડશો? ઘોડાઓ પર સવાર થાશો? હથિયાર પહેરશો? તમામે કહ્યું, હાઁ. તે બાદ આપે ફરમાવું કે, શું તમારા દુશ્મનોથી લડશો? તેઓ બોલા, હાઁ. આપે ફરમાવું કે, આના કરતા પણ આસાન કામ મેં આપને કરવાનું કહ્યું અને તમે એ કીધું જ નહીં. તેઓ ચુપ રહી ગયા. તે બાદ તેઓમાંથી એક શખ્સે અરઝ કીધી કે, તે કઈ ચીઝ છે? હું આપ પર ફીદા થાઉં. આપે ફરમાવું કે, હમેં તમને કહ્યું કે, ચુપ રહો. તમેં ખામોશ રહો છો તો હમેં ખુશ રહીએ છીએ અને એથી ખિલાફ કરો છો તો હમને ઈઝા થાય છે પણ તમેં એમ ન જ કીધું.

**ફાયદહ** : આલે મોહંમદ (સ.અ.) ના ઈમામ બનુ ફાતેમા માંથી હાઝિર છે, તે દૌરાન ફરજ-સહેલાઈનો એક શીઆ સવાલ કરે છે. ઈમામનો ઝાહિરમાં વુજૂદ અને એની માઅરેફત શીઆ વાસ્તે એક નેઅમત અને રહેમત છે. સહેલાઈના ઝમાનાનો સવાલ એ ગૈર મઅકૂલ-બૈજા છે. આપ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનામાં બનુ ઉમય્યાના મલાઈન બાદશાહો દમિશ્કથી રાજ કરી રહ્યા હતા અને આલે અત્હરના કટ્ટર દુશ્મનો હતા. ખૂનનાં પ્યાસા હતા. દીને મોહંમદી અને શરએ ઈસ્લામીને હાથોના ખિલૌના બનાવી દીધા હતા. તમામ નિહાયત જાહિલો હતા. હાથમાં ઈક્તિદાર ઈખ્તિયાર હતો. દુન્યાવી સરમાયો અને દબદબો હતો. હઝારો નૌકર-ચાકર, ઝર-ખરીદ શુદા

અશ્રાર આલિમો હતા. ઈમામે હક્ક મદીનામાં મખ્ફીમાં ઈમામતની અમાનતને સંભાલી મખ્સૂસ શીઆઓને દરમિયાન અહલેબૈતના ઊલૂમને ફેલાવતા હતા. અલગ અલગ શહેરોમાં આપ તરફથી આમિલો હતા બનાવટી શાઈરો હતા. તેઓ પણ પડદા પાછલ ગુમનામીની હાલતમાં તૌહીદે રબ્બાનીની હકીકત અને ઈમામત તરફ દાઅવત કરતા હતા. ઝાહિરમાં કોઈ કામ કરે તો કત્લ થઈ જાવાનો અંદેશો હતો. દીનો શરીઅતને ઝિંદા રાખવા વાજિબ હતું, તાકે લોગો જાહિલીયતના ઝમાન તરફ ના વલી જાય. શીઆઓ પરૈશાન હતા. ઈમામુઝ્ઝમાન મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને પૂછતા કે, આ ઝમાનામાં સહેલાઈ, અમનો અમાન અને બેખૌફી ક્યારે આવશે? ઈમામ આલી મકામને ખૂબ ઈલ્મ હતું કે, આ તકીય્યાનો ઝમાનો અને દૌર એકદમથી ગુઝરવાનો નથી. હર ચીઝ વાસ્તે, અમર વાસ્તે વક્ત મુકર્રર હોય છે. હક્કના ઈમામ તો હાઝિર છે જ. ફક્ત એ જ કમી છે કે, કોઈ મહેલ, તાજ, તખ્ત, ફૌજ, દૌલત, મિલ્કીયત નથી, મસાજિદ પરથી ઈમામનો ઈખ્તેયારને છીનવી કમઝૌર બનાવેલા છે. તેથી કંઈ ઈમામતમાં કુસૂર નથી આવતો. ઈમામ મહેલમાં રહે યા દરબારમાં હોય યા સાદા ઘરમાં રહે, તેથી ઈમામતના દરજામાં કોઈ ફરક પડતો નથી.

ઈમામ (અ.સ.) નો સવાલ ઘણો અહમ છે. એમાં ભેદી વાતો પિન્હા છે. ફરજ આવે, સહેલાઈનો ઝમાનો આવે, હર તરહ હક્કની ઈમામતની બોલબાલા હોય અને ઈમામ (અ.સ.) ના અમરને અને ફરમાનને બજા લાવવામાં સહેલાઈ થાય. દુશ્મનોનો ગલબો કમ થાય અને ઈમામનો જાહોજલાલ અને રોઅબો કમાલ ઔજ પર પહોંચે. તે વક્ત ઈમામ (અ.સ.) ને ઝાહિરી ઈમામતના ઊમૂરને ઉસ્તવાર કરવા વાસ્તે કોઈ રોકે નહીં અને આપના તમામ તાબેઈન અને મોઅતકેદીન પર આ તરહની આઝાદી અને યુસ્રતના વક્તમાં ખિદમતો બજા લાવવામાં કોઈ જ બહાનો ઉઝર બાકી રહે નહીં. અગર કોઈ સુસ્તી, કાહિલી યાકે નિફાકના સબબ એ હુકમની પૈરવી ના કરે તો ઈમામની નારાઝગી જોવા મિલે જેથી આઅમાલ અને ઈમાનમાં ફરક આવી જાય. તેથી ઈમામ (અ.સ.) શીઆને પૂછે છે કે, તમેં સહેલાઈના ઝમાના અને

ઈમામના ઝમીન પર કુલ્લી તૌર પર ઝુહૂર અને સલ્તનત ચાહો છો, તો એવા ઝમાનામાં તમને ઈમામ (અ.સ.) નાં ઝાહિરી દુશ્મનોનો મુકાબેલો કરવો પડશે, દિગર મુલ્કો-ઝમીનમાં જંગ લડવા જાવું પડશે અને અહેલો અયાલ, દોસ્ત-બિરાદરનો સાથ છોડવો પડશે. આ વાસ્તે તૈયાર રહેવું લાઝિમ છે અને આ ખિદમત વાસ્તે દિલ ડરપોક હોય તો આપ એમ ફરમાવે છે કે, ફક્ત ઘરમાં બેસીને ચુપ રહો અને સહેલાઈનો વક્ત ના આવે વહાઁ તક તેઓને કોઈ મુશ્કિલ અમર વાસ્તે ઘરબાર છોડવાની ઝરૂરત જ નથી. જે છે તેને નિભાવે, એ જ મોટી રહેમત અને નેઅમત છે અને આજ ઝમાનામાં હરએકની સલાહીયત, તાકત અને લિયાકતથી ઈમામ (અ.સ.) ની ખિદમત કરવી જ કાફી છે.

હાલમાં બાઅઝ મુમેનીન ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના ઝુહૂરનો સવાલ કરે છે. હમારો જવાબ તેઓને ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના જવાબ મિસ્લ જ છે. તે એ કે, ઈમામ સતરમાં છે અને દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ઈમામના ઈલ્હામ અને તાઈદથી દાઅવતમાં ઊમૂર અને હિદાયતના ઝૈવરથી મુમેનીનને આરાસ્તા કરવાની ખિદમતે ખાસ્સા બજા લાવે છે. ઈમામ (અ.સ.) નો મનસબ, દરજો અને મકામ આલી છે. ફઝલો કમાલમાં દાઈથી ઘણા બરતર છે. જો અગર કોઈ શખ્સ સતરના ઝમાનામાં દાઈએ હક્કના બરાબર ઈતાઅત કરવામાં કુસૂર કરતો હોય તો ઈમામ (અ.સ.) ની કુલ્લી તૌર પર કામિલ ઈબાદત કેમ કરી શકશે! દાઈની ઈતાઅત કરતા ઈમામની ઈતાઅત વધીને છે અને ના ફરમાનીનું નુકસાન અને ખસારો પણ મઝીદ છે. સાહેબે અમરની ઈતાઅતમા રૂત્બા મુજબ સવાબ અને અઝાબ છે. જો કોઈ દાઈની માઅરેફત અને તાઅતમાં કુસૂર કરે અને દાઈ એનાથી નારાઝ હોય તો ઈમામ (અ.સ.) ની હાઝિરી અને વુજૂદમાં આપની નાફરમાનીથી નારાઝગી અને અઝાબનો શું આલમ! પહેલે નીચા રૂત્બાની ઈતાઅતની બરાબર આદત હોય તો ઉપરના ફૌક રૂત્બાની ફરમાઁબરદારીમાં કુસૂર થાશે જ નહીં. તેથી ઈમામના ઝુહૂરનો સવાલ કરનાર અને હાલમાં તેની ઉમ્મીદ રાખનાર, ઝુહૂરને વાસ્તે ઝમીન સાઝવાર અને ગવારા છે કે નહીં, તેનું ઈલ્મ હાસિલ કરે, ઝુહૂરની હકીકત જાણે, અને તે બાદ તેની નફ્સો જાનને તે

વક્ત વાસ્તે તૈયાર કરે. ઈમામ (અ.સ.) યકાયક ઝાહિર થાય જ નહીં. આપ પહેલા હુજ્જતોને મોકલે તાકે દાઅવતની સર ઝમીનમાં આવી લોગોના દિલોની કૈફીયતનો કિયાસ નિકાલે, અકીદતમંદીના ખબરગીર થાય અને ઝુહૂર વાસ્તે સલ્તનત, લશ્કર, ઈદારએ અદલો કઝા, મસ્જિદો અને દિગર મુલ્કનાં તમામ શહેરોમાં તેઓના દોઆતની પકડ મઝબૂત ના હોય વહાઁ તક આપના ઝુહૂરની કોઈ ગુંજાઈશ નથી.

## (૯)

## જે વાત લોગોની અકલ અને માઅરેફત કુબૂલ કરે તે કહેવાથી અને દિલમાં ઉતારવાથી તેઓને અલ્લાહ અને એના રસૂલની લાઅનતથી બચાવી શકાય છે.

આપ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપના અસ્હાબ આપને નઝદીક જમા થયા અને તેઓ જે વાત આપને નઝદીક કહેતા હતા. તેથી આપસમાં ઝિક્ર કરતી વક્ત આપે ફરમાવું કે, તમેં લોગો જે સમઝતા હોય એવી જ વાત કરો અને જેનો ઈન્કાર કરે તે મુકી દો. શું તમે એમ ચાહો છો કે, કોઈ અલ્લાહ અને એના રસૂલને ગાલી દે? તેઓએ કહ્યું કે, અલ્લાહ અને એના રસૂલને ગાલી કેમ દેવાય. આપે ફરમાવું કે, જ્યારે તમેં તેના સાથે એવી ગુફતગુ કરો કે જેનો તેઓ ઈન્કાર કરતા હોય અને કહે કે શું અલ્લાહતઆલાએ આમ કહેનાર પર લાઅનત બોલી છે? અલ્લાહતઆલા અને એના રસૂલે લાઅનત બોલી જ હોય.

**ફાયદહ :** આ રિવાયતમાં ઈમામ આલી મકામે કૌલો કલામ કોને સાથે કરવા અને કોનાથી ગુફતગુનો પરહેઝ કરવો તેનો આસાન તરીકો બતાવી દીધો છે. આપે શીઆઓને લોગોની પરખ અને પહેચાન કરીને તેઓના અકીદા અને ઈલ્મ મુતાબિક કલામ કરવાનું ફરમાવું છે. તેમાં મુનાસિબ તો એ છે કે, જે વાતને લોગો માની લે અને જે કુબૂલ કરવામાં એના દિલો દિમાગ ખુલ્લા હોય એ જ વાત પહેલા કરવી જોઈએ. જે વાતોને જલ્દીથી તેઓ ના સમઝે અને રાઝો નિયાઝ અને સિર્રે ખફી હોય અને એના માઅના ભારી અને અલ્ફાઝમાં ગહેરા

ફિક્રો ખ્યાલની ઝરૂરત હોય એવી વાતોની લોગો આગલ બહસ ન કરવી જોઈએ. કેમકે, એ લોગો પહેલી વક્ત જો આવી વાતો-રિવાયતો-હદીસ સાંભલશે તો તઅજ્જુબ કરીને કહેનારને જ પૂછશે કે, આવી વાતો સાચી છે? આવી વાતો અપના કિતાબો નકલ થયેલી છે અને સાચે જ એ રિવાયતો અને અકવાલ અલ્લાહતઆલાએ કુરઆનમાં, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હદીસમાં અને અઈમ્મત દોઆતોના અકાલીમમાં વારિદ થયેલી હોય, પણ એવી જહાલત અને બેરૂખીના સબબ એનું દિલ કુબૂલ કરવા તૈયાર થાય જ નહીં, તેથી એનો ઈન્કાર તેને વાસ્તે અલ્લાહ અને એના રસૂલ, ઈમામો અને દોઆતના કલામોનો ઈન્કાર છે અને આ ઈન્કાર એ સરીહન એક ગાલી જ છે કે જે ઈમામની હકીકત હતી તે પણ સાંભલનારે કુબૂલ ના કીધી અને તે બેઈમાન થઈ ગયો.

આજે મલ્ટીમીડીયા પર કુરઆનેકરીમની અલગ અલગ ઝબાનોમાં બેશુમાર તફસીરો અને શરહો માઅના દસ્તયાબ છે તેમજ બાઝારમાં માઅમૂલી કીમતમાં વહેંચાય છે અને બાઅઝ અકીદાવાલા તો તેને હદીયતન તકસીમ કરે છે. અપની જમાઅતના જવાનો અને બાઅઝ મુમેનીન જે પઢાઈ, દરાસત અને મુતાલેઓનો શૌક રાખે છે તેઓ સાહેબે દાઅવતને, દાઅવતના કિતાબોના લિસાને દાઅવતના તરજુમાઓનો સવાલ કરે છે અને દીગર ઝબાનમાં તરજુમાઓનો મુતાલેબો કરે છે.

અમે તેઓને વાઝેહ કરી દઈએ છીએ કે, હાલમાં અહલુલ બૈત (અ.સ.) ના દુશ્મનોંનો મલ્ટી મીડીયા અને મદ્રસાઓ પર તસલ્લુત છે. લોગોને ફાસિદ અકીદાઓની કિતાબો ખુલ્લે આમ બાઝારમાં દસ્તયાબ થાય છે અને તે અપના બાઅઝ મુમેનીન કોઈ તફતીશ અને છાનબીન બગૈર તેને ખરીદે છે. તેમાં શરીઅતમાં તેઓ તરફથી શામિલ બિદઅતો અને બનાવટી અખ્બારની કસરત હોય છે.

અવ્વલ તો એ કે, હમેં બાતિની લોગો છે. હમારા અકીદા કુલ્લી તૌર પર મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને આપની ઔલાદના અઈમ્મત (અ.સ.) ની ઈમામત અને ઈતાઅતથી વાબિસ્તા છે. હમારે પર

વાજિબ નથી કે, તેને હમેં લોગોમાં આમ અને ઝાહિર કરીએ, છાપીએ યા શાયેઅ કરીએ. હકીકતમાં આજના અહલે ઈસ્લામ જ તમામ શીઆ લીટરેચર, અદબી કિતાબો અને તફસીરોના કટ્ટર દુશ્મન છે અને એ કૌમ ગવારા કરતી નથી કે આ અહલે બૈત (અ.સ.) નું ઈલ્મ ઝમાનમાં ઝાહિર થાય અને લોગો શીઆ તરફ ઝૂકે. દીગર એ કે, આ કૌમ એવા અસલી અને મુસ્તનદ અકીદાઓને કુફ્ર અને શિર્કથી જોડીને એને બાતિલ બનાવી દેવામાં કોઈ કસર યા કમી રાખતા નથી. તેથી અપના દાઅવતની જુઝ-જાઝ ઝાહિરી શરીઅતની ફિકહ તેમજ ઈમામો ઈમામતને મુતઅલ્લિક કિતાબોના ઉર્દુ, અંગ્રેઝી અને ગુજરાતીમાં ગહેરી તલાશથી દસ્તયાબ થાય છે. અપની જમાઅતની આબાદી અને અફરાદની ગિન્તી મહદૂદ હોય, પઢનારા કમ હોય આ તરહની કિતાબોને છાપીને શાયેઅ કરવામાં ઘણા ખતરાઓ અને રૂકાવટો દરપૈશ છે.

તમામથી અહમ વાત તો એ છે કે, ઈમામ આલી મકામ (અ.સ.) ઘણા વક્ત એક જ વાત દોહરાવતા હોય છે કે, લોગોમાં એવી વાત કરો કે જે એમને કુબૂલ હોય, સમઝી શક્તા હોય અને સોચવાની કાબિલીયત રાખતા હોય. તેથી સાહેબે દાઅવત તફસીર, તાવીલ અને તશરીહનું બયાન મહદૂદ **Audio Clips** અને ખાસ મજલિસમાં દાઅવતના અસ્હાબને દરમિયાન ઉર્સ-બહેરમના મૌકા પર કરતા હોય છે.

## (૧૦)

**અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના અકીદતમંદ અને મોહબ્બતવાલા શીઆઓનો મીસાક અલ્લાહતઆલાએ આલમે રૂહાનીમાં લીધો છે તેથી આ દુનિયાવી આલમમાં તેઓની ગિન્તીમાં કોઈ કમી યા બૈશી (ઝિયાદતી) મુશ્કિલ છે. અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત અને અદાવતમાં અલ્લાહતઆલાએ જેને પૈદા કીધા છે તેમાંથી કોઈ એક પણ બુઝ્ઝો અદાવત કરનાર મોહબ્બત કરવા તરફ વલશે નહીં.**

આપ અબુ અબ્દિલ્લાહ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે આપના બાઅઝ શીઆઓને ફરમાવું કે, આ તમારી વાત અને તમારો અમર એવો છે કે જેનાથી જાહિલોના દિલ કચવાય છે (રંજિદા થાય છે) તો જે એ વાતને પહેચાની શકે એને વધારે કહો (કહેતા રહો) અને જે વાતને સમઝી ન શકે એ વાતને મુકી દો. તેહકીકન અલ્લાહતઆલાએ હમારો અને હમારા શીઆનો મીસાક લીધો છે, તે દિનમાં કે જે દિનમાં નબીઓનો મીસાક લીધો. એ હમારા શીઆઓમાં એક શખ્સનો વધારો કે ઉમેરો નહીં થાય અને એકનો પણ ઘટાડો કે કમી નહીં થાય. અલ્લાહતઆલા જે બંદાને વાસ્તે ખૈરનો ઈરાદો કરે છે તો એની ચોંટી-ગરદન પકડીને હમારા મઝહબમાં દાખિલ કરી દે છે પછી ભલે તે ચાહે યા ના ચાહે. આપથી બીજી રિવાયત એ છે કે, આપે ફરમાવું કે, તેહકીકન અલ્લાહતઆલાએ કેટલાક લોગોને હમારી મોહબ્બત વાસ્તે અને કેટલાક લોગોને હમારી અદાવત વાસ્તે પૈદા કીધા છે. તો અગર તે લોગો કે જેને હમારી મોહબ્બત વાસ્તે પૈદા કીધા છે યે આ મઝહબથી નિકલીને બીજા મઝહબમાં પણ ચાલા ગયા હશે તો અલ્લાહતઆલા તેઓને હમારા મઝહબની તરફ પાછા લઈ આવશે ભલેને એને પસંદ હોય યા ના હોય અને જેને હમારી અદાવત વાસ્તે પૈદા કીધા છે તે હંમેશા વાસ્તે હમારી મોહબ્બત નહીં જ કરે.

**ફાયદહ** : ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની હઝરતમાં રહેનાર આપના શીઆઓના નસીબા દુનિયા અને આખેરતમાં બલંદ હોય છે અને જે આ વાતથી જાહિલ છે તેને સોહબતે ઈમામી નસીબ થાતી નથી અને ઈમામ તરફ આવવા અને આપની મુલાકાત કરતા કચવાય છે અને શીઆઓ તરફ ઈમામની લતાફત અને નઝરાતના સબબ તેઓ બેચૈન થઈ જાય છે અને તેઓના દિલમાં રંજિશ પૈદા થાય છે. ઈમામ ફરમાવે છે કે, એવા લોગોને અમારી બાઅઝ વાતો તમેં કરશો નહીં કે જે તેઓ પહેચાની ના શકે અને એવી સલીસ અને સહેલી વાત કરો કે જે તેઓ સમઝી શકે અને દિલમાં ઉતારી શકે. ઈમામ આલી મકામ ફરમાવે છે કે, કોઈ અમારો ઈકરાર કરે યા ઈન્કાર કરે, માને યા ના માને, મોવાફિક હોય યા હમારો

મુખાલિફ હોય, હમેં એને એની પૈશાનીની લકીરો પરથી પહેચાની લઈએ છીએ અને તે જન્નતી છે યા જહન્નમી છે તે તેના જિસ્મની ખૂશ્બુથી પારખી લઈએ છીએ.

હમારા શીઆઓ હમારા નૂરથી પૈદા થયેલા છે. નૂર એમાંથી નિકલેલા નૂરને પહેચાની લે છે. ઈલાહી મકામ અને રબ્બાની દરજાતના સાહેબો તેઓના નૂરની તાસીરથી તેઓના મિસાકમાં રહેનાર અકીદતમંદોથી આગાહ હોય છે. એની તાઅદાદથી વાકિફ હોય છે. અલ્લાહતઆલાએ તેઓની ખાસ પૈદાઈશનો એહતેમામ કીધો હોય છે. તેથી ગિન્તી મુકર્રર જ હોય. એક શખ્સની કમી યા બૈશી મુમ્કિન નથી. અગર કોઈ સબબસર એ સિરાતે મુસ્તકીમથી લહેકી જાય યા બહેકી જાય યા કે ફિસલી જાય તો પણ ઈમામની મોહબ્બત અને એની જન્નતી તીનત આપના મઝહબમાં દાખિલ કરી દે છે અને એ જન્નતીઓમાં શામિલ થઈ જ જાય છે. જેઓ અહલેબૈત (અ.સ.) ની અદાવત વાસ્તે પૈદા થયા હોય તેઓને અગર જબલે અબી કુબૈસ જેટલું સોનું આપવામાં આવે તો પણ કોઈ હાલતમાં તે મોહબ્બત નહીં કરે અને જેઓને ઈમામના મઝહબ વાસ્તે પૈદા કીધા હશે અને અગર તે નહીં ચાહતા હોય તો પણ તેને બીજા મઝહબ માંથી અહલેબૈતના મઝહબમાં ખુદાતઆલા દાખિલ કરી દેશે.

બાઅઝ લોગો એમ સવાલ કરે છે કે, અપની જમાઅત અહલુલ બૈત (અ.સ.) ના મઝહબમાં માનનારી છે. જેની પાક પૈદાઈશ છે. અકીદાઓ સાફ, સલીસ, અસલ અને કુરઆની તારીખ મુતાબિક છે, તે બાવુજૂદ બાઅઝ લોગો ગુમ્રાહ થઈ જાય છે, હક્કની જમાઅતને મુકી દે છે અને ગલત-સલત વાતો કરે છે. તેઓને આ અમારૂં બયાન મુનાસિબ જવાબ આપે છે કે, અલ્લાહ જેને ચાહે તેને જ સિરાતે મુસ્તકીમ પર ચલાવે જે હકીકતન રાહે નજાત છે. કોઈની મકદૂર નથી કે એકને પકડી લાવીને યા ખેંચી રાખીને હક્કના મઝહબ તરફ વાલે જહાઁ તક કે અલ્લાહ નથી ચાહતો. જેને સમઝમાં ના આવે તો તેનાં અક્લના કુસુરના સબબ છે. જે હકીકત છે તે તો સુરજ કરતા ઝિયાદહ વાઝેહ છે અને સુન્ના જેવી ખાલિસ છે.

## (૧૧)

## ઈમામુઝઝમાન (અ.સ.) જે કલામ શીઆઓને દરમિયાન ફરમાવે છે તેમાં પોતાની રાયથી ઉમેરો-સુધારો કરવાનો હક્ક કોઈને નથી.

ઈમામ અબુ જાઅફર મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, આપે ફરમાવું કે, અલ્લાહતઆલા તે બંદા પર રહેમત કરજો કે જે હમને તમામ લોગોની તરફ મહેબૂબ કરે અને તે સઘલાની તરફ હમને મબ્ગૂઝ ન કરે (તેઓના દિલમાં કાટ ન લાવે). હોશિયાર! અલ્લાહના કસમ અગર લોગો હમેં જે કહીએ છીએ તે જ રિવાયત કરતા હોય તો અને એમાં પોતાની રાયથી ફેરબદલ અને ઉમેરો-સુમેરો ન કરતા હોય તો કોઈ એક પણ (હમારી અદાવતવાલા) હમારા ખિલાફ કઈ કહી શકે નહીં. પણ વાત તો એ છે કે, કોઈ પણ હમારો એક કલેમો સાંભલે છે એના સાથે બીજા દસ કલેમા મિલાવી દે છે અને પોતાની રાય મુતાબિક તાવીલ કરે છે. ખુદાતઆલા તે બંદાને રહેમત કરજો કે જે હમારા પૌશીદા ભેદને સાંભલે છે અને પોતાના દિલમાં દફન કરી દે છે. તે બાદ આપે ફરમાવું કે, ખુદાના કસમ! હમારા દોસ્ત અને દુશ્મનને અલ્લાહતઆલા એક ઘરમાં જમા (ભેગા) નહીં કરે, આ દુનિયા સિવાય કે યહાઁ બેવે સાથે રહે છે.

**ફાયદહ** : ઈમામ (અ.સ.) તે મુખ્લિસ શીઆઓને કે જે લોગોને દરમિયાન ઈમામની સિફતો સના અને ફઝાઈલ બયાન કરીને તેઓના દિલોને ઈમામની મોહબ્બત અને ઈતાઅત તરફ રાગિબ અને મોહિબ કરે છે, તેઓ વાસ્તે રહેમતે હક્કતઆલાની દોઆ કરે છે. એવા લોગોને આપ પસંદ નથી કરતા કે જે લોગોના દિલોમાં ઈમામથી અદાવતની વાતો કરીને કીનાવર કરે છે. તે એવા લોગો છે કે, ઈમામના અસલી કૌલ અને કલામને જ લોગોમાં પહોંચાવે છે. જો તમામ ઈમામની વાતને અમાનત રાખીને જે હકીકત છે એનો જ ઝબાનથી ઈઝહાર કરે તો લોગો માંથી એક પણ ઈમામની મુખાલેફત ન કરી શકે. પણ લોગોની ઝબાન પર એતેમાદ નથી. ઈમામ (અ.સ.) ફક્ત ચંદ અલ્ફાઝ ફરમાવે ને પોતાના તરફથી લોગો બીજા દસ કલામ ઉમેરી લે છે અને મતલબ જ બદલી નાંખે છે. કલામે ઈમામમાં તબ્દીલીના સબબ સાંભલનાર

શક-શુબેહમાં પડી જાય છે અને પોતાની રાય બદલી નાંખે છે. જો ઈમામના કલામ લફઝ-બ-લફઝ લોગોમાં પહોંચે તો તેના અસલી મતલબ અને માઅના સાબિત રહે છે અને અદાવત રાખનારાઓને તાઅનો-તશ્નીઅ કરવાનો મૌકો જ મિલતો નથી. મૌલાના અલી (અ.સ.) આપના એક બયાનમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી હદીસ નકલ કરનારની ચાર અલગ અલગ જમાઅતની ઝિક્ર ફરમાવે છે તેમાં આપ ફિકરમંદ થઈને લોગોને એ વાત પર આગાહ કરે છે કે, હદીસે નબવીના બાઅઝ અહેમ કલામને ભૂલીને મુખ્તસર બયાન કરનારા, એમાં પોતાના તરફથી ઈઝાફો કરીને લોગોમાં નશર કરનારા અને હદીસ સાંભલા બાદ તેને બિલકુલ ભુલી ગયા હોય એવા મકર કરનારાથી હોશિયાર. લફઝ-બ-લફઝ લોગોમાં અમારી વાતોને પહોંચાડનાર જ અમારા સાચા મોહિબ્બ છે. પૂરી હદીસે નબવી અને તમારા અમારા કલેમાત જે બરાબર સાંભલે છે તે ઝાહિરી અને બાતિની માઅનાથી બરાબર વાકિફ થઈ જાય છે. તેનાં તાવિલી મફહૂમ અને ઊંડા ભેદને દિલમાં છુપાવી રાખે છે કે જેથી દુશ્મનને એની ઈત્તેલાઅ ન મિલે અને તેનો રદ્દી મતલબ ન નિકાલે. એવા મુખ્લિસ સામેઈન અને તાલિબે ઈલ્મ પર આપ રહેમત બોલે છે અને શીઆઓને ખબર કરે છે કે, ઈમામના મોહિબ્બ અને મુનાફિક એક ઘરની છત નીચે કોઈ વક્ત જમા થઈ જ નહીં શકે.

## (૧૨)

## ઈમામ (અ.સ.) ના નસીહતના કલામોની તસદીક અને કુબૂલ કરવા સાથે તેને ગૈર શીઆ-મુન્કિરોથી તેને પરદાપૌશ રાખવા લાઝિમી છે.

મૌલાના અબુ અબ્દિલ્લાહ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, એક મર્દ આપ પાસે કુફાથી આવા. આપે એને સવાલ કીધો કે, હમારા શીઆના શું હાલ છે? તે શખ્સે શીઆના હાલાતની ખબર આપી તો આપે ફરમાવું કે, ફક્ત કુબૂલ અને તસ્દીકથી જ હમારા અમરને એહતેમાલ કરવું (ઉચકવું) કાફી નથી. બલ્કે હમારા અમર, હુકમ અને મઝહબને માની લેવું,

એને છુપાવવું અને ગૈર લાયક લોગોથી બચાવવું છે. તમેં એ સઘલાને સલામ પહોંચાવજો અને કહેજો કે, અલ્લાહતઆલા એ બંદા પર રહેમત કરજો કે જે લોગોની મોહબ્બતને હમારી તરફ ખેંચી લાવે અને ખુદની તરફ પણ. લોગોની નઝરમાં હમને અને ખુદને મહેબૂબ બનાવે. લોગો સમઝે એવી જ વાત કરે અને જેનો ઈન્કાર કરે તે એનાથી છુપાવે. તે બાદ આપે ફરમાવું કે, ખુદાના કસમ! હમારી અદાવત કરનાર ઝઘડાલુ શખ્સ કરતા ઝિયાદહ તકલીફદેહ એ લોગો છે કે, જે એવી વાત કરે કે જેને હમેં પસંદ ન કરતા હોય. અગર એ લોગો હમારા તરફથી એવી વાત કરતા કે જે હમેં કહી રહ્યા છે તો હમને એ વાતની ઝર્રા બરાબર પણ પરવાહ ન હોતી અને એ લોગો મારા સાચા અસ્હાબ બનતા.

**ફાયદહ** : રિવાયતથી ઈઝહાર થાય છે કે, ઈમામ આલી મકામ (અ.સ.) આપના શીઆની પરવાહ અને ખબરગીરી કરતા હતા. આપે ફરમાઁબરદારીને આપના કલામ અને અમલને ગૈરલાઈક અને નાઅહલ લોગોમાં ઈઝહાર ન કરવાથી જોડી દીધી છે. ફક્ત કોઈ આપના હુકમની હુરમત ખાતિર તવાઝોઅ અને ખુશૂઅ સાથે બજાઆવરી કરે અને ઝબાનને છુટો દૌર આપીને તેને હરકોઈ દરમિયાન ખોલે તેથી નારાઝગી ઝાહિર કીધી છે. આપ ફરમાવે છે કે, કલામ તો એવા કહેવા જોઈએ કે જે સાંભલવાથી લોગો ઈમામના મોહિબ્બ બને અને આપના દીદાર વાસ્તે તરસે. આપ બારહા ફરમાવતા કે, એવી વાત લોગોને દરમિયાન કહેવી જોઈએ કે, જે શરીઅતના અરકાનની અદાએગીને મઝબૂત કરે અને સમઝવામાં સહેલી હોય, અલ્ફાઝ-કલેમાત આસાન હોય અને દિલમાં પૈવસ્ત થઈ જાય એ પાનીની મિસ્લ જે ઝમીનમાં જઝબ થઈ જાય છે. સાચા અસ્હાબ તો એ જ છે કે, જે ઈમામની પસંદીદહ વાતોને લોગોમાં આમ કરે અને આપના દિલને ઠેસ ન પહોંચાવે. ઈન્સાન એની ઝબાનમાં છુપાયેલો છે. જૂઠી અને બનાવટી વાત કરનાર કરતા તો ઈમામ (અ.સ.) નો મુન્કિર બહેતર છે કે દિલમાં નિફાકો-મુખાલેફતને બાવુજૂદ ઝબાનને બંધ રાખે છે. તેથી ઈમામ આલી મકામ (અ.સ.) ના અસ્હાબ પર વાજિબ છે કે, ઈમામના કલામને હૂબહૂ પૈશ કરે જે એક નૈક સહાબીની પહેચાન છે અને જેથી ઈમામને દિલી તસ્કીન થાય, એવા કલામથી

લોગોના દિલોમાં અહલુલબૈત (અ.સ.) ની અઝમતનો ઈઝાફો કરવો તે ઐન સહાબીયતનો તકાઝો છે. અફઝલ કલામ તો તેજ છે કે, જે થોડા હોય, દલીલવાલા હોય અને દિલને જે ઠેસ પહોંચાડે નહીં એવા હોય.

## (૧૩)

## શીઆઓએ પોતાની ઝબાનથી એ જ કૌલ અને અમલ કરવા જોઈએ જે ઈમામ કરે છે અને પરહૈઝગારોની સોહબત ઈખ્તિયાર કરવી જોઈએ.

આપ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, એક દિન આપે આપના ચંદ અસ્હાબને વસીયત કરતા ફરમાવું કે, તમેં અલ્લાહથી ડરો અને જેને સાથે તમેં સોહબત કરતા હોવ તેને સાથે ઉમદા સુલૂક રાખો અને પડોશીઓને હમસાયાનો હક્ક અદા કરતા રહો. અમાનતવાલાને તેઓની અમાનત આપી દો, લોગોને ડુક્કરના નામથી ન પુકારો. અગર તમેં ખરેખર હમારા શીઆ હોવ તો જે અમે કહીએ છીએ તે જ તમે કહો. હમેં જે અમલ કરવાનું કહીએ તેને માનો તો જ તમેં હમારા શીઆ થાશો. હમેં ખુદ હમારા મોતઅલ્લિક જે ન કહીએ તે વાત તમેં હમારા વાસ્તે ન કહો તાકે તમેં હમારા શીઆ થઈ શકો. મારા બાવાજીસાહેબ ઈમામ બાકિર (અ.સ.) ફરમાવતા હતા કે, અગર કોઈ શખ્સ હમારા શીઆ માંથી કોઈ ઈલાકા (વસ્તી) માં હોય તો તેને પાસે લોગોની થાપણ હોતી, લોગો એને વસીયતો કરતા હતા, તો તમેં એ જ મુજબ થઈ જાવ.

**ફાયદહ :** ઈમામે આલે મોહંમદ (અ.સ.) લોગોને દિલમાં ખુદાના ડર બાદ લોગો સાથે ખુશ અખ્લાક, નૈક સોહબત, પડોશીઓની ખબરગીરી, અમાનતોની તેના અહલને અદાયેગી અને નૈક સુલૂકો રવૈયાની વસીયત અને નસીહત કરે છે. આપના આ કલામમાં ઈન્સાની અખ્લાકનાં અને સુલૂકે આમનાં હર પાસા સમાયેલા છે અને મઆશેરામાં તહઝીબ તાદીબ અને ઈન્સાની અખ્લાકની અહેમીયતનો ઈઝહાર એક અદના ઈન્સાન પર કેટલું લાઝિમ છે અને આપના સહાબીની લિયાકત એનાથી કેટલી અફઝલ હોવી

જોઈએ એ નકશો બનાવો છે. ઈન્સાનની સલામતી ઝબાનની હિફાઝતથી છે. ગમે તેવો ઈન્સાન હોય તેને નજીસ અને હરામ જાનવરો સાથે મુશાહેબત આપીને પુકારવો ન જોઈએ અને હલકા નીચા લકબોથી એને પુકારવો ન જોઈએ. નરમ ઝબાનથી કડવા બોલ બોલવા તે શૈતાન ઈબ્લીસનો અમલ છે. અલ્લાહતઆલાએ કુરઆનમાં હતકથી બોલાવવાની મનાઈ ફરમાવી છે અને ઈમાનમાં દાખિલ થાવા બાદ બદ નામોથી લોગોને બુલાવવા ઐબ છે. આપ બારહા સાચી અને સચોટ વાત જ ઈમામ સાથે જોડવાની તાકીદ કરે છે જે ઈમામ (અ.સ.) ના ઝબાન મુબારકથી અદા થયેલી હોય. આપના બાવાજીસાહેબના ઝમાનામાં શીઆઓના માન-પાનને આપ યાદ ફરમાવીને આપના દિલની ધારસ બયાન કરે છે કે, તમેં પણ તે વક્તના શીઆઓ જેવા જ બનો કે જેઓ લોગોની વસીયતો લખતા હતા, અમાનતો સાચવતા હતા અને હદીસો બયાન કરતા હતા.

## (૧૪)

## એક શીઆના બીજા શીઆ પર બાઅઝ હુકૂકે વાજેબા છે જે અમલે સાલેહમાં શુમાર છે અને એ જ ઈમામતના અમરને ઝિંદા રાખે છે.

મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર અબુ જાઅફર (અ.સ.) થી રિવાયત છે કે, આપે એક સહાબીને આપના શીઆની એક જમાઅત તરફ મોકલા અને ફરમાવું કે, હમારા શીઆને હમારો સલામ પહોંચાવજો, એ લોગોને અલ્લાહ અલીય્યો અઝીમનાં તકવા-ડરની વસીયત કરજો અને એમ કહેજો કે, એ લોગોનો માલદાર ફકીરની અને તંદુરસ્ત બીમારની મિઝાજ પુરસી કરે, ઝિંદા શખ્સ જનાઝામાં હાઝિર થાય અને અપના ઘરોમાં આપસમાં મિલતા રહે, સબબ કે, એકબીજાની મુલાકાત કરવાથી હમારી ઈમામતનો અમર ઝિંદા રહે છે. તે મર્દને અલ્લાહતઆલા રહેમત કરે કે જે હમારા અમર મુજબ નૈક અમલથી ઝિંદગીને લઈ ઉઠે. અને તેઓને એમ પણ કહેજો કે, મેં એમને અલ્લાહના નઝદીક અમલે સાલેહ સિવાય બીજી કોઈ ચીઝથી ફાયદો નહીં કરૂં. એ લોગો પરહૈઝગારી અને ભલા આઅમાલ સિવાય હમારી

વલાયતને હાસિલ કરી શકવાના નથી. યૌમે કેયામતમાં તમામ લોગો કરતા ઝિયાદહ પરૈશાન તે શખ્સ હશે કે, જે એક અમલનું બયાનતો કરે અને તે ખુદ એના ખિલાફ અમલ કરે.

**ફાયદહ** : આ રિવાયતમાં પણ ઈમામ આલી મકામ (અ.સ.) શીઆઓને નૈક અખ્લાક અને હુસ્ને મુઆશેરતની નસીહત કરે છે. એક સહાબીને એક જમાઅત તરફ આપની નસીહતોને પહોંચાવવા મોકલા. તમામ કલામમાં આપ પહેલા અલ્લાહના તકવા અને ડર રાખીને લોગોમાં મોહબ્બતનો ઈઝાફો કરવા એક શીઆ બીજા શીઆને મદદ કરે, એકબીજાના બાઝૂદાર થાય, મિઝાજપુરસી કરે, જમણ જમાડે, જનાઝામાં હાઝિર થાય, એકબીજાથી મુલાકાત કરતા રહે જેવા આઅમાલે સાલેહાન બજા લાવવાની ખાસ તાકીદ કરે છે. આપ શીઆને સમઝાવતા કે દીનનું બીજું નામ મોહબ્બત છે. તેથી જ નસીહત મીલે છે. આપ ઈલ્મે લદુન્નીથી ફૈઝયાબ હોય છે, તેથી આપ એક મુમિન સાથે બીજા મુમિનની મુલાકાત અને મદદગીરીની નસીહત કરે છે, જે એક મુલ્કની હિફાઝત વાસ્તે મોઅય્યન લશ્કરીઓની મિસ્લ હોય છે જે મુલ્કની હિફાઝત-નિગેહબાનીમાં પોતાની જાનને કુરબાન કરી દે છે. ઈમામતના અમર, મુલ્કને ઝિંદાઓ આબાદ કરવાની ખિદમત બરાબર જ છે.

હાલના ઝમાનામાં લોગો ગૈર-શરઈ, કુફ્રે ખફીફી અને ખિલાફે મઝહબ આઅમાલ તેના ઘરમાં શાદી-ખાના-આબાદીના મૌકા પર કરે છે જે બાઈસે અઝાબ અને ગઝબે ઈલાહી છે. આ આઅમાલે શર એ બિદઅતે ઝાહેરા છે, જે ગુમ્રાહી તરફ ધકેલે છે અને ઈમામ તો તાકીદન ફરમાવે જ છે કે, તેઓ અલ્લાહતઆલાને નઝદીક અમલે સાલેહ સિવાય કોઈ ચીઝથી ફાયદો પહોંચાડવાની સિફારિશ કરી જ નહીં શકે. લોગોના દિલમાં અગર વલાયતે ઈમામ હશે અને તે મોહર્રમુલ હરામમાં માતમદારીમાં બિદઅતો, શાદીની મહેમાનદારીમાં દસ્તરખ્વાન પર બેઅદબી, મુમેનાતોની બાઝાર અને જમાઅતખાનામાં રિદા યા હિજાબ બગૈર જિસ્મોની નુમાઈશ, ઘરોમાં બુઝુર્ગોની બેઅદબી અને નાફરમાની, નાચ-ગાન, બેહોશીની ચીઝો ઝબાનથી લેવી વગૈરહ આઅમાલે બદ અને શરમાં મુલવ્વસ હશે તો તેને એ મોહબ્બત

નહીં કરે અને એવો શખ્સ બે મુરૂવ્વત છે જે બીજાને નસીહત તો કરે પણ પોતે તેના બોલને ખિલાફ અમલ કરે. કુરઆને કરીમમાં લગ્વ યાનિકે ભૂંડી-ખરાબ વાતો અને અમલથી એતેરાઝ કરવા વાસ્તે ઘણી આયાતો વારિદ થયેલી છે. શયતાન મુમેનીનનો દુશ્મન છે અને તેઆથી શર-ખરાબ આઅમાલ કરવી અદાવત અને કીનામાં નાંખી દે છે.

## (૧૫)

## શીઆઓએ મઝહબનું ઈલ્મે હકીકી, ખમ્સતુલ અત્હાર (અ.સ.) થી લીધું છે, જેના સબબ બીજાઓ સાથે દીનની બાબતમાં હુજ્જત અને ઝઘડો બાકી રહેતો નથી.

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે આપના અસ્હાબ માંથી એક કૌમને વસીયત કરતા ફરમાવું કે, તમેં તમારા આ અમલને અલ્લાહ વાસ્તે કરો અને લોક દેખાઈ-રીયાકારી વાસ્તે નહીં. સબબ કે, જે ખુદા વાસ્તે હોય તે તેને પાસે જાય છે અને જે અમલ લોક દેખાઈ વાસ્તે હોય તે અલ્લાહને તરફ ચઢતો નથી. દીની બાબતમાં લોગોથી ઝઘડો ના કરો. સબબ કે, ઝઘડાઓ દિલને બિમાર કરવાના વાસ્તા બને છે. અલ્લાહતઆલાએ તેના નબીને ફરમાવું કે, અય મોહંમદ! તમેં જેને ચાહશો એને હિદાયત નહીં દઈ શકો, પણ અલ્લાહતઆલા જેને ચાહે તેને હિદાયત દઈ શકે છે અને ફરમાવું કે, શું તમેં લોગોને ઝબરદસ્તી કરો છો કે તેઓ મુમિન થઈ જાય! લોગોને છોડો, તેઓ તો લોગોથી જ હાસિલ કરે છે અને તમેં તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), અલી (અ.સ.) અને હમારેથી હાસિલ કરો છો. મારા બાવાજી ઈમામ બાકિર (અ.સ.) ને મેં કહેતા સાંભલા છે કે, જે વક્ત કે અલ્લાહતઆલા કોઈની કિસ્મત (ઈકબાલ) માં હમારા (મઝહબના) અમરમાં દાખિલ થાવાનું લખી દે છે તો એ શખ્સ પરિન્દા પોતાના માલાની તરફ જલ્દી ઉડતું ઉડતું આવે તે કરતા પણ ઝિયાદહ જલ્દી ઉડીને હમારી તરફ આવી જાસે.

**ફાયદહ :** આઅમાલે દીન અને શરીઅતમાં રીયાકારી-લોક દેખાઈને કોઈ જગા નથી. હર નૈક અમલ કે જે દીને ઈસ્લામમાં કરવામાં આવે તે

ઈબાદતમાં શુમાર છે અને અલ્લાહતઆલાએ ઈખ્લાસથી અમલ કરવાનું ફરમાન કીધું છે તાકે દીન કામિલ અને મઝબૂત થાય. જે અમલ ખુદા વાસ્તે હોય તે જ આસ્માન તરફ મુશખ્ખસ બનીને આઅલા નૂરાની સૂરત સાથે ચઢે છે. અહલુલબૈત (અ.સ.) નું દીન જ દીને કામિલ અને તમામ છે અને આ સિવાયનું દીન જે ઈખ્તિયાર કરે તેની મગફેરત અને શફાઅત થાનાર નથી અને તે નજાતની સીડી પર ચઢનાર નથી. જેને અલ્લાહતઆલાએ આ દીનથી નવાઝેલા છે તેએ બીજા લોગો સાથે ઝાહિરમાં બહેસ, નઝર અને હુજ્જત કરીને તેની ઝાતને ચઢીયાતી, બરતર અને બહેતર કહીને ઝઘડાઓ ના કરવા જોઈએ અને ગૈર મઝહબના લોગો સાથે તેના દીનની ખામીઓ ના નિકાલવી જોઈએ. અહલેબૈત (અ.સ.) ની વલાયત અને મવદ્દતને મુકનારાઓના દિલો ઈખ્લાસ અને હક્કથી ખાલી હોય છે, તેથી આવી બહેસ સાંભલીને તેઓ આપને સાથે બેકારની તોહમત,ઈલ્ઝામ અને બોહતાન લગાવશે, જેથી દિલસોઝી અને મલાલ ઝાહિર થાય, તઅલ્લુકાતમાં કડવાશ પૈદા થાય, અને એક ઈલાકામાં અલગ અલગ મસાલિકે ઈસ્લામ પર ચાલનારા લોગોને દરમિયાન ફસાદ અને ઝઘડાઓ વાકેઅ થાય, જે દિલને બીમાર કરી નાંખે અને અદાવતો કીનાની ઝમીન હમવાર થાય. જો અગર તમામ ઈન્સાનીયતને ઝૈવરે ઈસ્લામ અને હિદાયતે આમથી અલ્લાહે નવાઝવાના હોત તો કોઈ બની આદમ બીજા મઝહબને ઈખ્તિયાર કરેત જ નહીં. તેથી અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આગાહ કરી દીધા કે, તમેં જેને ચાહશો એને હિદાયત નહીં દઈ શકો. અગર ઝબરદસ્તી કરશો તો પણ રાહે રાસ્ત પર નહીં લાવી શકો. ઈમાન તો કૌનૈનની દૌલત અને હસનતમાં શામિલ છે. ઈમામ આલી મકામ ફરમાવે છે કે, તમેં મારા શીઆ લોગોની વાતોને છોડી દો અને એ લોગોનો સાથ પણ છોડી દો જેઓએ ગુમ્રાહો અને બેવકૂફો અહેમકને તેના રઈસ બનાવા છે. આમ તબકાનાં લોગો તો આવા મઝહબના રહેનુમાની વાતો સાંભલીને પોતાને દીનદાર કહે છે. પણ તમેં તો હમારી સોહબત ઈખ્તિયાર કીધી છે જેથી હમેં જે કહીએ છીએ તે વાત જ તમેં કહો છો અને એ પર જ તમારા આઅમાલનો દારોમદાર છે.

ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ઘણી જ ઉમદા વાત કહીને શીઆઓને તસલ્લી અને રાહત આપે છે. આપ ફરમાવે છે કે, કોઈ હમારો મઝહબ મુકીને અગર ગૈરના મસ્લક અને અકીદાને તાબેઅ થાય તો ના તો રંજિશ લાવવાની ઝરૂરત છે અને ના તો અહેસાસે કમ્તરી કરવી જોઈએ. આપ પૂરા એતેમાદ અને તવક્કુલ સાથે કહે છે કે, શીઈયત તો એક પરિંદાના માલાની તરહ છે જેને તરફ અલ્લાહતઆલા જેને ચાહે તેને પરિંદા કરતા પણ જલ્દી પહોંચાવી દે છે. મુમિનનું અસલી ઠિકાણું જ ઈમામની ઈમામતનું આંગણ અને કુદસનો કાંઠો છે. ઘરનો ઘણી તેનાં ઘર તરફ આવીને વલવાનો જ છે અને ઘર પણ ઘરનાં ઘણીને લાહિક થાનાર જ છે. હર ચીઝ એની અસલ જગા પર જાનાર જ છે. મુમિનનાં ઈમાનની શરતોમાં ઈમામતનાં અમરને ઝિંદા કરવાની શરત ઘણી આઅલા છે.

## (૧૬)

## પરહૈઝગારી અને ઝિંદગીમાં અખ્લાકથી ઈસ્લાહ અહલે બૈત (અ.સ.) ની તબાઅત છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) તે બાદ ફરમાવે છે કે, જે શખ્સ તમારા માંથી મુત્તકી બને અને નૈક થાય (પોતાની જાનમાં ઈસ્લાહ કરે) તે હમારા અહલે બૈત (અ.સ.) માંથી છે. આપથી પૂછવામાં આવું કે, આપના અહલે બૈત (અ.સ.) માંથી અય ફરઝંદે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)! આપે ફરમાવું કે, જી હાઁ! હમારા માંથી જ. શું તમેં અલ્લાહના કૌલને નથી સાંભલો કે ,"વમંય યતવલ્લહુમ . . .", કે તે કોઈ શખ્સ તમારા માંથી તે અહલેબૈતની વલાયતને મુકશે (મુઁહ ફેરાવશે) તે એવા જ લોગોમાં શુમાર થાશે. કૌલે ઈબ્રાહીમ (અ.સ.) છે કે, "જે મારો તાબેઅ હશે તે મારા માંથી જ છે."

**ફાયદહ :** શીઅયાને અહલે બૈત (અ.સ.) ની બાઅઝ શરતો માંથી તકવા અને અમલે સાલેહની શરતો પર ચાલવું લાઝિમી છે. શીઅયાને અલી સાલેહીન અને મુત્તકીન માંથી જ હોય છે. સબબ કે, હલ્લાલે મુશ્કેલાત અમીરૂલ મુમેનીન (અ.સ.) ના લકબો માંથી ઈમામુલ મુત્તકીન અને સાલેહુલ

મુમેનીન લકબો ઘણાં જ મશ્હૂરો માઅરૂફ છે. ઈમામુલ મુત્તકીન યાઅની પરહૈઝગારોના ઈમામ અને હાદી અને સાલેહુલ મુમનીન યાઅની ઈમાનદારો માંથી તમામ કરતા નૈક કિરદાર અને નૈક અખ્લાકવાલા. અગર અપના ઈમામ આ અખ્લાકના શીઅયાનનાં સરદાર હોય તો શીઅયાનને ઈમામ (અ.સ.) ની સીરતો ખસ્લતે તાહેરહ પર ચાલવું જ જોઈએ. કોઈ અગર નૈક સરદારને તાબેઅ થાય તો નૈક જ બને અને બદ-કિરદાર, બદસીરત અને બદતીનત સરદારને તાબેઅ થાય તો તેની ખસ્લતોમાં બદીનો ઈઝહાર જ થાય. જે ઈબ્રાહીમ (અ.સ.) ની મિલ્લતને તાબેઅ થાય તે તેઓની ઉમ્મતમાં જ શુમાર થાય, જે આલે મોહંમદ (અ.સ.) ને તાબેઅ થાય તે સફીનએ નજાત પર સવાર થાય અને તેઓની જ સીરતની ઝલક તેમાં રૂનુમા થાય. જેવા સરદાર તેવા તેના તાબેઈનનાં કિરદાર હોય છે. સાદિકે આલે મોહંમદ (અ.સ.) ને સહાબી તઅજ્જુબઆમેઝ લહેજામાં પૂછે છે કે, શું સાલેહ અને મુત્તકી લોગો આપના અહલે બૈત (અ.સ.) માંથી છે! તો આપ તાકીદન ફરમાવે છે કે, જી હાઁ! તેઓ હમારા માંથી હોય છે તે સબબજ અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના લકબો માંથી ઈમામુલ મુત્તકીન અને સાલેહુલ મુમેનીન છે. તકવા, પરહેઝગારી, શરીઅતના હલાલો હરામનું ઈલ્મો-અમલ અને દરજાઓના સાહેબોની ઈતાઅતો ખિદમત બજા લાવવું ઈમાનની હકીકતોને કામિલ કરે છે અને આ સિફતનાં લોગો જ અહલે બૈત (અ.સ.) માંથી છે કે, કોઈ શખ્સ એકને માને અને એના નકશે કદમ પર ચાલીને હર તરહથી તાબેઅ થાય તે તેમાંથી જ કહેવાય. તબાઅતનાં સબબ જ અકીદત સાબિત થાય છે.

## (૧૭)

## શીઆનો મઝહબ અલ્લાહતઆલા અને તેના ફરિશ્તાઓનો છે જે જન્નતનો રસ્તો છે. દીનદાર આકિલ જ તેની ઝબાન, ઔરત અને પેટને સાચવે છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે આપના બાઅઝ શીઆને વસીયત કીધી, તે બાદ ફરમાવું કે, હોશિયાર! અલ્લાહના

કસમ! તહેકીક કે તમેં અલ્લાહના દીન પર અને એના મલાએકતના દીન પર છો. એને કાઈમ કરવા વાસ્તે તમેં હમને પરહૈઝગારી અને મહેનત-મશક્કતથી મદદ કરો. અલ્લાહના કસમ નહીં કુબૂલ કરે અલ્લાહ (તે દીન) મગર તમારાથી. તો પછી તમેં અલ્લાહથી ડરો અને તમારી ઝબાનોને કાબૂમાં રાખો (રોકો). તમારી મસ્જિદોમાં જ નમાઝ પઢો. તમારા માંથી મરીઝોની મિઝાજ પુરસી કરો. જે વક્ત લોગો જુદા પડે તો તમેં પણ તેઓથી જુદા પડી જાવ. અલ્લાહતઆલા એ મર્દ પર રહેમત કરે કે જે હમારા દીનને ઝિંદગી બખ્શે. આપથી પૂછવામાં આવું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! અમરને (દીનને) ઝિંદા કરવું શું છે? આપે ફરમાવું કે, તમેં હમારા અમરને ઈલ્મ, દીન અને અક્લ વાલાઓના નઝદીક બયાન કરો. તે પછી ફરમાવું કે, અલ્લાહના કસમ! બેશક તમેં તમામ જન્નતમાં જ જાશો. પણ કેટલો બુરો હશે તમારા માંથી તે શખ્સ કે જે જન્નતના લોગો માંથી તો હોય, તે કૌમ માંથી કે જેઓએ ઈજતેહાદ કીધો (જન્નતના આઅલા દરજાત પર પહોંચા) અને આઅમાલે સાલેહાત બજા લાવા પણ તેઓને દરમિયાન તે એવો હશે કે, પોતાના લિબાસના પડદાને ફાડો હોય અને ખુદની ઔરતને ઝાહિર કીધી હોય (બદ આઅમાલ અને કજરવીના સબબ). આપને પૂછવામાં આવું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! શું આમ થાશે? (યાઅની એવો શખ્સ પણ જન્નતમાં હોય?) આપે ફરમાવું કે, જી હાઁ! તે એ શખ્સ હશે કે, જેએ તેની શર્મગાહોની હિફાઝત નહીં કીધી હોય, તેના પેટને અને ઝબાનને સંભાલા નહીં હોય (તેને કાબૂમાં નહીં રાખા હોય).

**ફાયદહ :** ઈમામ આલી મકામ (અ.સ.) નો આ વસીયત કરવાનો મકસદ એ છે કે, શીઆને બશારત આપે, ખૂશખબરી આપે કે જે અહલુલ બૈત (અ.સ.) નું દીન છે તે અલ્લાહતઆલા અને એના ફરિશ્તાઓનું દીન છે અને એ જ દીન હક્કનું કામિલ દીન છે. મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) અને ઈમામૈન સિબ્તૈન હુસ્નૈન (અ.સ.) નાં નામના આખિરી હરફ દાલ-યા-નૂન એમ નબી, વસી અને ઈમામનાં ઉતરતા રૂત્બા મુજબ જમા કરીએ તો એ તીન હુરૂફનો લફઝ - દીન બને છે. યાઅની કે,

તીન મરતબાઓની માઅરેફત - નુબૂવ્વત, વસાયત અને ઈમામતમાં અકીદો અને મકામોની હકીકી પહેચાન એ જ આઅલા દીન છે. આ દીનને અલ્લાહતઆલા કુબૂલ ફરમાવે છે. પણ કોઈ મહઝ દીનદાર હોવાનો દાઅવો કરે અને તેમાં શરીઅતનાં આઅમાલ અને ઈબાદતના તરીકાઓ અને ઈન્સાનિયતના તકાદાઓ અદા કરવાની સલાહીયત અને કાબિલીયત ના હોય તો તે દીનદાર કહેવાતો નથી. ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, લોગોને સાથે લઈને ચાલો. તે મુમ્કિન તે વકત જ થાય કે, મારા શીઆઓ હાલનાં તકીય્યતના ઝમાનાના તકાદા મુજબ અકલમન્દીનો ઈઝહાર કરી બાદશાહોનાં ઝુલ્મથી બચવા તેઓની મસ્જિદોમાં નમાઝ પઢે, બિમારની તબીઅત પૂછવા જાય અને ઝબાન, શર્મગાહ અને પેટને કાબૂમાં રાખે કે જેમાં હાડકા નથી. ઝબાનથી અહલે બૈત (અ.સ.) ના ઊલૂમની મખ્ફી વાતોને તે લોગો આગલ જ ઝાહિર કરે જે આકિલ, સમઝદાર અને હોશિયાર હોય. જો લોગોમાં ઝબાનને બેકાબૂ કરીને ચલાવે તો ઈમામતનો મકસદે હિદાયત બર ના આવે. આપ શીઆઓને તસલ્લી આપતા ફરમાવે છે કે, તમેં તમામે તમામ જન્નતી જ છો. પણ જન્નતમાં પણ આઅમાલને મુતાબિક દરજાત છે, મકાનો મન્ઝેલત છે. આપ મૌલા તમામ શીઆઓનું ઠેકાણું આઅમાલની હૈસીયતથી બતાવી તો દે છે, પણ બાઅઝ શીઆ તહેકીકન અને ઈત્મેનાને કલ્બને વાસ્તે દોબારહ આપને સવાલ કરે છે કે શું અય મૌલા આમ જ થાશે. તો આપ સરીહન અને વાઝેહન ફરમાવે છે કે, આમ જ થાશે. જેએ તેની ઝબાન, શર્મગાહ અને પેટને સંભાલા નહીં હોય તેનો લિબાસ ફાટેલો ચીથરાદાર હશે જેથી તેને અહેસાસ થાશે કે, આઅમાલે બદની જન્નતમાં સઝા છે. ઘણા બંદગાને ખુદા શીઈયતનો ગલત મતલબ નિકાલીને તેની આડમાં એમ સમઝી બેસા હોય છે કે, ખમ્સતુલ અત્હાર (અ.સ.) ની શફાઅતથી અને તેઓના તવસ્સુલથી મિલેલી મગફેરત હમને કાફી છે. ઝરૂર, એ તો છે જ. જેને ચાહે તેને વાસ્તે જ અને જે શીઆના બદ આઅમાલનું પલ્લું ભારી હશે તો ઈમામ આલી મકામ (અ.સ.) ના કૌલ મુજબ તેએ ઈમામ (અ.સ.) ની મદદ ન કીધી બરાબર છે. જો ખૈર કીધું હશે

તો ઈમામ (અ.સ.) તેને જન્નતમાં ખૈર મંઝિલની ખુદાતઆલાને નઝદીક ઝરૂર સિફારિશ કરશે. કોઈ મુમિન અગર દીગર કોઈ શીઆ ફીરકાના અકીદાઓ અને લોગો તરફ માઈલ થાય અને તમામને એક જ ફિરકાના તાબેદાર સમઝે તો તે પણ ગલત છે. હબ્લુલ્લાહિલ મતીન એક જ રસ્સી છે જેનો એક છેડો આલ્લાહના હાથમાં અને બીજો મુમિનનાં હાથમાં છે.

## (૧૮)

## મોહિબ્બે અહલે બૈત (અ.સ.) ના એક સાથે બે કદમ ફિસલતા નથી.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે ફરમાવું કે, તમેં હમારા કોઈ એવા વલીને નહીં પરામો કે જેના બેવે કદમ ફિસલી જાય. (યાઅની ઈલ્મી અને અમલી) પણ જો અગર એનો એક કદમ ફિસલે તો તે બીજા કદમનો સહારો લઈ લે જહાઁ તક તેનો ફિસલી ગયેલો કદમ અસલી જગામાં ના વલી જાય.

**ફાયદહ :** ભૂલચૂક, નાફરમાની, લગઝિશ, કૌતાહી, ખામખયાલીની ખતા તમામ ઈન્સાનથી થાય છે. અલ્લાહતઆલાએ વલાયતે અહલે બૈત (અ.સ.) ની નેઅમત અને જૌહરના સબબ શીઆઓ પર મહેરબાની કીધી છે કે, અગર તેનો એક પગ ફિસલી ગયો અને તે રાહે રાસ્તથી લહેકી ગયો તો પણ અલ્લાહતઆલા તેને સંભાલી લે છે જહાઁ તક કે તે પાછો તેની પહેલાની હાલત પર આવીને ઉભો નથી થઈ જાતો. દીગર લોગો વાસ્તે આ મખ્સૂસ નથી. તેઓ ગુમ્રાહ થાય તો તેઓને બચાવનાર કોઈ હોતું નથી, સબબ કે, તેઓના બેવે કદમ, ઈલ્મનો અને અમલનો ફિસલી જાય છે અને ઉંધા માથે ઝમીન પર પટકાઈ છે કે કોઈ તેને સંભાલનારૂં હોતું નથી. ઈમામના વલીને પડતીથી સંભાલનાર ઈમામે ઝમાના મૌજૂદ હોય છે, જે એનો હાથ થામી લે છે અને પડતીથી બચાવી લે છે. શું તે શખ્સ કે જે યૌમે કિયામત તેના ગુનાહોના બોજથી મૂઁહના બદ ઝમીન પર પટકાય એ શખ્સ જેવો છે કે, જે બાબર સીધો હિદાયત યાફતા સિરાતે મુસ્તકીમ પર ચાલશે ?

## (૧૯)

## નમાઝ મુકનાર અને શરમો-હયા, હલાલો હરામના પરદાને ચીરનાર ગુનાહગાર છે.

ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, એક શખ્સે આપને નઝદીક એક મર્દની ઝિક્ર કીધી. પછી કહેવા લાગો કે, એ શખ્સે આપના પડદાને ફાશ કીધો છે, હરામ કામો કરે છે અને ફરીઝતોને હલકી હકારતની નઝરથી લે છે યહાઁ તક કે, યે શખ્સે ફરઝની નમાઝ પણ મુકી દીધી છે. આપ ઈમામ તકીય્યો દઈને બેસા હતા તો આપ ઉઠીને સીધા બેસી ગયા અને ફરમાવું, સુબ્હાનલ્લાહ! ફરીઝતની નમાઝને પણ મુકી દીધી! બેશક, ફરીઝતની નમાઝને મુકવી અલ્લાહના નઝદીક મોટો ગુનાહ છે.

**ફાયદહ** : ઈમામ બાકિર (અ.સ.) એ અહલે બૈત (અ.સ.) ના ઉલૂમને ખોદી નિકાલી લોગોમાં ફેલાવા છે અને આપ આપની તમામ ઉમ્રે શરીફમાં દીન અને શરીઅતના અહેકામ અને અરકાન પર પાબંદી રાખવાની રગબત અને શૌક અપાવતા હતા અને લોગો આઁખ-માથે ચઢાવી આપની નસીહતો પર અમલ કરતા. હવે જે શખ્સની આપને નઝદીક ઝિક્ર થાય છે તે ગુનાહોંમાં અને હરામના અમલોમાં ગરક અને મુલવ્વસ થઈ ચુકેલો છે. તેથી શયતાનનો પૂરો તસલ્લુત અને કાબૂ એના કલ્બો દિમાગ પર છવાયેલા છે, કે જેથી તેએ ફરીઝતની નમાઝને પણ તર્ક કરી દીધી છે. આપ ઈમામ (અ.સ.) ઈલ્મે ઈલાહીથી આગાહ છે. નમાઝ એ અલ્લાહની તરફ દાઅવતે બાતેનહ છે અને જે નમાઝ મુકે તે મોહરેમાત પર સવાર થાય છે. સબબ કે, નમાઝ જ બંદાઓને મુન્કર બૂરી વાતોથી રોકે છે. જે નમાઝ મુકે તે મસ્જિદ પણ મુકી દે છે. લોગો સાથે મેલમિલાપ-મૈલજોલ મુકી દે છે. એકલો અટૂલો વહેશતમાં ગરક થઈ જાય છે અને શયતાન એની નફસે નાફરમાનને બૂરી વાતો કરવા પર આમાદહ કરે છે અને આહિસ્તા આહિસ્તા આ શયતાની બદ આઅમાલના સબબ તેના દિલ માંથી નૂરે ઈમાન કમ થઈ જાય છે અને નફસે શહવાનીયહ અને ગઝબીયહ તેને પર ગાલિબ થઈ જાય છે, તે બાદ તે પોતાને આ શર અને નજીસથી બચાવી શકતો નથી. તેથી નમાઝનો મુકનાર બેશક અલ્લાહની નિકમત અને અઝાબનો હક્કદાર

થાય છે. મસ્જીદને મૂકનાર અલ્લાહની અઝીમ નેઅમત અને રેહમતથી દૂર છે. તે હાદીની હીદાયત અને નાસેહે અમીનની નસીહતથી મહરૂમ રહીને ગુમરાહીની આંધીમાં ઝોલા ખાયા કરે છે.

## (૨૦)

## મોહબ્બત સોના જેમ ચોખ્ખી-ખાલિસ હોવી ઝરૂરી છે. અઈમ્મત ફાતેમીચીન (અ.સ.) અલ્લાહતઆલાની જમાઅત છે અને તેઓના દુશ્મનો અલ્લાહ, ફરિશ્તાઓ અને રસૂલોના દુશ્મનોં છે અને તેઓ શયતાનની જમાઅત છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી બયાન છે કે, આપે ફરમાવું કે, જે બંદાના દિલને અલ્લાહતઆલા તકવા વાસ્તે પરખી લે છે (આઝમાઈશ કરી લે છે) તે ઝરૂર હમારી મોહબ્બત કરતો થઈ જાય છે, એવી મોહબ્બત કે જેનો અસર એના દિલ પર હોય છે અને જે બંદાથી અલ્લાહતઆલા નારાઝ થાય છે તો તે અમારી અદાવત કરે છે કે જે અદાવતનો અસર એના દિલ પર હોય છે. તો હવે અય મારા શીઆ! જે કોઈ પણ હમારી મોહબ્બત કરવા ચાહતો હોય તો એને કહી દો કે, મોહબ્બતમાં ઈખ્લાસ રાખે જે મિસ્લ ખાલિસ (ચોખ્ખું) સોનું મિલાવટ અને મૈલથી ખાલી હોય છે. જે હમારાથી અદાવત કરવા ચાહતો હોય તે પણ તે જ તરહની અદાવત કરે. હમેં નજીબો છે. શરીફો છે. હમારી ઔલાદ અંબિયાની ઔલાદ છે અને મેં તમામ વસીયોનો વસી છું અને મેં અલ્લાહની અને એના રસૂલની જમાઅત માંથી છું. બગાવત કરનારી ટોલી શયતાનની ટોલી છે અને શૈતાન તેઓમાંથી જ છે. પછી તે કોઈ હમારા મકામમાં શક કરે અને હમારા દુશ્મનોને હમારા બરાબર સમઝી માઈલ થાય તે હમારા માંથી નથી. અગર કોઈ શખ્સ માઅલૂમ કરવા ચાહે કે, હમારો મોહિબ્બ કોણ છે અને હમારો દુશ્મન કોણ છે, તો એને કહી દો કે ખુદના દિલની તફતીશ-તપાસ કરે. અગર એના દિલમાં હમારા કોઈ પણ દુશ્મનની મોહબ્બત (લગાવ) હોય તો એને જાણી લેવું જોઈએ કે, અલ્લાહ એનો દુશ્મન છે અને એના દુશ્મન અલ્લાહના ફરિશ્તાઓ અને એના રસૂલો

અને જિબ્રઈલ અને મિકાઈલ છે અને અલ્લાહ જ કાફિરોનો દુશ્મન છે.

**ફાયદહ :** તકવા મુખ્લિસ શીઆની નિશાની છે અને અહલુલબૈત (અ.સ.) ના અઈમ્મત તાહેરીન (અ.સ.) ની મોહબ્બતની પરખ અલ્લાહતઆલા કરે છે, જે તમામ બંદાના દિલોના હાલથી વાકિફ છે. સીનાઓની કૈફીયતથી ખબરદાર છે. અલ્લાહતઆલા જેને મોહબ્બત વાસ્તે પરખે છે એનું દિલ હર હાલતમાં ઈમામોથી મોહબ્બત કરતું થઈ જાય છે અને તે અદાવત કરનાર લોગોથી અલગ જ પડી જાય છે. ઈમામ (અ.સ.) શીઆને આગલ એ શર્ત મુકે છે કે, અગર તમેં હમારી મોહબ્બત કરો તો ઈખ્લાસથી, દિલથી, બેલૌસ મોહબ્બત કરો. ખાલિસ સોના મુજબની મિલાવટ બગૈરની મોહબ્બત. અદાવત રાખનારના દિલ દાગદાર, મૈલા અને કાલા હોય છે, જેનો અસર એના ચહેરા પરથી ઝાહિર થઈ જાય છે. આપ આપના મરાતિબને આશ્કાર કરીને લોગોને અલ્લાહની જમાઅતથી લગાવ અને ઉલ્ફત રાખવાની નસીહત કરે છે.

આ ઝમાનામાં એવા લૌગો મૌજૂદ છે કે, જેઓ બનાવટી મોહબ્બત અને ખિદમત કરે છે. તેઓના દિલ ઈખ્લાસથી ખાલી હોય છે. તેઓ અગર તેના દિલનો જ ઈમ્તેહાન લઈ લે તો તેની ખુદની ખબર તેને થઈ જાશે કે તે કઈ જમાઅત માંથી છે. હિઝબુલ્લાહ માંથી કે હિઝબુશ્શૈતાન માંથી. તે લોગોના દિલો દિમાગમાં તઝબઝુબ, ડામકડોલી છે કે જેથી હક્કનાં ઈમામોનાં મરતબાને સમઝતા નથી અને દુશ્મનોને ઈમામને બરાબર માની લે છે. તે દુશ્મનો પાછલ બિલા કોઈ રોક ટોક નમાઝ પઢે છે, તેના જૂઠા કલામ સાંભલે છે, તેના અકીદાના અમલ મુતાબિલ તહેકીક બગૈર અમલ કરે છે અને એમ માની લે છે કે, તેનો અમલ હક્ક અને સદાકત પર છે. ઈમામ આલી મકામનાં મોહિબ્બ અને દુશ્મનની પરખ કરનાર ખુદના દિલને પૂછી લે અને તફતીશ કરી લે કે તે કયા શખ્સ તરફ માઈલ છે તો તેને માઅલૂમ થઈ જાશે કે, દુશ્મન કોણ છે અને મોહિબ્બ કોણ છે અને જો આમ કરવામાં તે થાપ ખાઈ જાય તો તે અલ્લાહ, એના ફરિશ્તાઓ અને રસૂલોનો દુશ્મન શુમાર થાશે. દાઈની ખાલિસ મોહબ્બત તો એજ છે કે દાઈના દુશ્મન સાથે રિશ્તો-નાતો કોઈ હાલતમાં ના

રાખે. અગર એક પલમાં દાઈ સાથે મુલાકાત કરે અને બીજી પલમાં દુશ્મન મુનાફિકને મિલે તો એવા શખ્સે તેના દિલને બરાબર ટટોલવું જોઈએ.

## (૨૧)

## શીઅયાને અલી (અ.સ.) ઉમ્મતની બાઝ ગુમરાહ કૌમની હાલતની તમ્બીહ અને શીઆઓની ફઝીલત.

ઈમામ અબુ અબ્દિલ્લાહ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે આપના બાઅઝ શીઆને વસીયત કરતા ફરમાવું કે, એક કૌમે (ઈલ્મ) આ જગાથી લીધું અને એક કૌમે આ જગાથી લીધું. આમ આપે પાંચ અલગ અલગ કૌમની ઝિક્ર કીધી અને તમેં તો તમારા નબી (સ.અ.વ.વ.) ના અહલે બૈત (અ.સ.) ના (ઈમામતના) અમરને હાસિલ કીધો તો પછી તમેં અલ્લાહના તકવાને લાઝિમ રહો, સાચી વાત અને અમાનતની અદાયેગી પર કાઈમ રહો. સબબ કે, અલ્લાહ પાસે જે છે તે અલ્લાહની તાઅતથી જ હાસિલ થઈ શકે છે.

**ફાયદહ :** આપ ઈમામ આલી મકામ (અ.સ.) આપના અને આપના બાવાજી બુઝુર્ગવારના ઝમાનામાં જે લોગો તલબે ઈલ્મ, હર કોઈ ગૈર શીઆની મજલિસ યા વાડાના બની બેઠેલા રઈસ અને નીમ હકીમ મિસ્લ બદ આલિમોથી ઈલ્મ હાસિલ કરતા હતા તેઓથી વાકિફ હતા. આપ જાણતા હતા એવા કહેવાતા બાઝારૂ આલિમોનું ઈલ્મ દાઅવતે હકકના રસ્તાનું અને અહલેબૈત (અ.સ.) ના સરચશ્માનું નથી. તેઓને સાચા ઈલ્મની વદીઅત અને અમાનતને સાચવનાર હકકના ઈમામોથી કોઈ સરોકાર અને લગાવ ન્હોતો અને તેઓ દુનિયા તલબીની જાલમાં ફસાઈ ગયા હતા અને હકકના રસ્તાને મુકી દીધો હતો. જો તેઓ શાહરાહ (મેઈન રોડ) પર આવતા અને જે જગા પર ઈલ્મના ઈલાહી ખઝાના મૌજૂદ છે તે ઈમામોની ચૌખટ અને દેવડી પર આવતા તો ગુમ્રાહ ન થાતા અને દીન મઝહબની વાતોમાં ફેરબદલી ના થાતી. આપ (અ.સ.) આપના ઝમાનામાં પાંચ એવી કૌમની મિસાલ આપે છે કે, જેઓએ તેમના જ શાગિર્દોને રઈસ અને આલિમ માની લીધા હતા. ઉસ્તાદો મોઅલ્લિમને નઝરઅંદાઝ કરી દીધા હતા. તેઓ અમવી બાદશાહોનાં

ખરીદાયેલા પોપટ-બોલ મિસલનાં આલિમો હતા.

આપ શીઆઓના ઈલ્મની સેહત અને સચ્ચાઈની માઅરેફત કરાવે છે કે, જેઓએ અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) કે જેઓ બાબે મદીનતુલ ઈલ્મ છે, તે જ દરવાઝા પર આવીને ઈલ્મ હાસિલ કીધું હતું અને અમરે ઈમામત અને વસાયતને કુબૂલ કીધો હતો. આપ મઝીદ ફરમાવે છે કે, જે કોઈ અલ્લાહ પાસેથી તલબ કરે અને તે શીઅતો અલી હોય તો તેને શીઈયત કોઈ જ ફાયદો નહીં કરે યહાઁ તક કે દિલથી અલ્લાહનો તકવા રાખે, હાથોથી લીધેલી અમાનતને અદા કરે અને ઝબાનથી સાચા બોલ બોલે.

## (૨૨)

## શીઆની અસલીયત, તેઓની પહેચાન, સાદગી અને ઈમામની પુરજોશ ઈબરતઆમૈઝ નસીહતો, જેમ કે કૂઝામાં સમન્દર સમાયેલો હોય.

અબુ જાઅફર ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, આપે બાઅઝ શીઆને વસીયત કરતા ફરમાવું કે, અય મારા શીઆની જમાઅત! તમેં સાંભલો અને હમારી વસીયતોને સમઝો અને હમારા ઔલિયા-માનનારાનો જે અહદો મિસાક હમેં લઈએ છીએ તે સમઝો. સાચું બોલો અને અપના કસમોને પૂરા કરો, ચાહે એ કસમ તમેં દોસ્તો વાસ્તે ખાધા હોય યા દુશ્મનો વાસ્તે. પોતાના માલથી એકબીજાને મદદ કરો, દિલોથી આપસમાં મોહબ્બત કરો, ફકીરોને સદકો કરો, તમારા અમર પર (ઈમામતના અકીદા પર) મુત્તફિક રહો અને કોઈ એકને સાથે પણ દગો-ધોકો ન કરો. કોઈને સાથે ખયાનત ના કરો અને યકીન બાદ શક ન લાવો. પૈશકદમી (આગલકૂચ) લીધા બાદ બુઝદિલ થઈને પીછેહટ ન કરો. તમારા લોગો માંથી એક પણ એના મોહબ્બતના લોગોથી મુઁહ ન ફિરાવે અને ગૈરની મોહબ્બતમાં ખ્વાહિશ ન રાખે. તમારી મોહબ્બત તમારા લોગો સિવાય (દિગર જમાઅતના લોગો) માં ન હોય. તમારો અમલ તમારા પરવરદિગાર સિવાય બીજા વાસ્તે ન હોય અને તમારૂં ઈમાન અને તમારો ઈરાદો તમારા નબી સિવાય બીજા વાસ્તે ન હોય.

તમેં અલ્લાહથી મદદ તલબ કરો અને સબ્ર કરો. અલ્લાહતઆલા ચાહે તે બંદાને પોતાની ઝમીનમાં વારિસ-માલિક બનાવશે અને નેક અંજામ મુત્તકી લોગો વાસ્તે જ છે. અલ્લાહના નેક બંદાઓ જ એની ઝમીનના વારિસ થાશે.

તે બાદ આપે ફરમાવું કે, બેશક અલ્લાહના મોહિબ્બો અને એના રસૂલના ચાહનારાઓ હમારા શીઆ માંથી છે કે, જે હર વક્ત સાચું બોલે, વાઅદો કરે તો તેને વફા કરે, એને જો અમીન બનાવાય તો અમાનત અદા કરે, હક્કની વાતમાં એના પર બોજ નાંખવામાં આવે તો બરદાશ્ત કરી ઉઠાવે, વાજિબનો સવાલ કરવામાં આવે તો અતા કરે અને એના હક્કનો અમર કરવામાં આવે તો એ મુજબ કરે.

હમારા શીઆ તો એ છે કે, એનું ઈલ્મ એના કાનથી આગલ વધતું નથી (યાઅની કે જે કાનથી સાંભલે છે તે જ અમલ કરે છે). હમારા શીઆ તે છે કે, જે હમારા ઐબ નિકાલનારાને નથી વખાણતા, હમારા દુશ્મન સાથે મૈલજોલ નથી રાખતા, હમારા મરતબામાં કુસૂર કરનાર સાથે નથી બેસતા. કોઈ મુમિનથી મિલે તો એની કરામત કરે અને જાહિલથી મિલે તો એનાથી દૂર થાય. હમારા શીઆ તો એ છે કે, કૂતરાઓની જેમ ભસતા નથી અને કાગડાઓની જેમ લાલચ કરતા નથી. પોતાના ભાઈઓ સિવાય કોઈથી માંગતા નથી, ભલે તે પોતે ભૂખથી મરી જાય.

હમારા શીઆ તે છે કે, હમારા કૌલ કલામની વાતો કરે અને હમારી ઈમામતના બારામાં ખામી નીકાલનાર તેઓના દોસ્તોને પણ મુકી દે. હમારી મોહબ્બત વાસ્તે દૂર વાલાઓને નઝદીક કરે અને હમારી અદાવત રાખનારા નઝદીકના લોગોને દૂર કરી દે.

તે વક્ત આપની મજલિસમાં હાઝિર એક શખ્સે કહ્યું કે, મેં આપ પર ફિદા થાઉં, આ મિસ્લની સિફતવાલા લોગો કહાઁ મિલે? આપે ફરમાવું કે, ઝમીનના છેડાઓમાં મિલે. તે શીઆની ઝિંદગી સીધી-સાદી-સુથરી-રાહતવાલી અને એની આંખો ઠંડી હોય, તે લોગો અગર હાઝિર થાય તો એની પહેચાન થાય નહીં અને ગાઈબ થાય તો કોઈને તેને ઢુંઢવા પડે નહીં, બિમાર થાય તો કોઈ એની મિઝાજપુરસી કરે નહીં, જો માંગણું કરે તો કોઈ (એની

દીકરીને) પરણાવે નહીં અને કોઈ રાહ પરથી ગુઝરે તો એનાથી બચીને હટીને નિકલી જાય. જાહિલો એના સાથે ખિતાબ કરે તો દૂરથી જ સલામ કહે અને પોતાના પરવરદિગાર વાસ્તે રાતભર સજદાઓ કરે, નમાઝ કાયમ કરે. (આ સીરત અમારા શીઆની છે.)

તે શખ્સે અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ! એવા લોગોના શું હાલ થાશે કે, જેઓ ઝબાનથી તો શીઆ કહે છે પણ તેઓના દિલ શીઈયતને ખિલાફ હોય છે? આપે ફરમાવું કે, એ તમ્હીસ (ગુનાહોંને માંજી નાંખનાર) એના પર એવા વરસો-ઝમાનાઓ લાવશે કે, જે તેઓને ફના કરી દેશે, દિલના કીનાઓ તેઓને હલાક કરી દેશે અને આપસનો ઈખ્તેલાફ તેઓને કત્લ કરી નાંખશે.

હોશિયાર! કસમ તે અલ્લાહતઆલાના કે જેએ તેના ફરિશ્તાઓના હાથથી અમારી મદદ કીધી છે, તેઓને ખુદાતઆલા તે જ હાથથી કત્લ કરશે.

એવા લોગો તમારા સાથે કોઈ વાત કરે તો તેનો ઈકરાર કરજો, તેને તમેં જોવ તો તેની તસ્દીક કરજો અને ઝઘડાઓ છોડી દેજો, કેમકે, એ લોગો તમને એકબીજાથી દૂર કરી દેશે અને વક્ત આવતા પહેલા ઉઠવાથી ડરજો (યાઅની કે હથિયાર લઈને નિકલશો નહીં), નહીં તો તમારૂં ખૂન બેકાર જાશે, તમારા જાનો હલાક થાશે, તમારા પછી આવનારાઓ તમારી મઝમ્મત કરશે અને તમેં જોનારાઓ વાસ્તે ઈબરતઆમેઝ થઈ જાશો.

લોગોમાં બહેતરીન ફેઅલ (કામ) કરનારો શખ્સ તે છે કે, જે અલ્લાહ વાસ્તે દુનિયાવાલાઓને છોડી દે. ચાહે યે દુનિયાદાર તેના બાવાજી યા દીકરા કેમ ના હોય. તેની મોહબ્બતવાલા, યા મદદગાર, યા ખૈરખ્વાહ કોઈ પણ હોય, પણ અલ્લાહની બાબતમાં એને મુકીને પોતાના (દીની) ભાઈઓની તે મદદ કરે, ભલેને તે દીની ભાઈ કાલો, હબ્શી યા ઝિન્જી નિગરો કેમ ના હોય.

સિયાહ મુઁહ હબ્શી જો મુમિન હશે તે કેયામતના દિન ઉઠશે તો કાલો નહીં હોય, બલ્કે યે લોગો તો સફેદ બરફ મુજબ હશે જેને જન્નતોના પાનીથી નવરાવવામાં આવા હશે અને હંમેશાની નઈમને હાસિલ કીધી હશે. મલાએકતે મુકર્રેબીન સાથે બેસા હશે અને અંબિયા મુરસલીનના દોસ્તો (રફીકો) હશે.

અલ્લાહના નઝદીક તે બંદા કરતા કોઈ ઝિયાદહ ઈકરામવાલા નથી કે, જે ખુદાની રાહમાં દૂર કરવામાં આવો હોય, શહેર બહાર નિકાલી નાંખવામાં આવો હોય, યહાઁ તક કે, એ તે જ હાલતમાં અલ્લાહને જઈને મિલે.

હમારા શીઆ ઝમીનમાં જહન્નમના અઝાબથી ડરનારાઓ છે, રોશન ચરાગો છે, નિશાનીઓ અને નૂર છે તેને વાસ્તે કે જે તેઓને તલબ કરનારા હોય અને અલ્લાહના તાઅતગુઝાર બંદાઓ વાસ્તે રાહનુમાઓ અને રઈસો છે તેમ એના મુખાલિફોને ખિલાફ શહાદત દેનારાઓ છે કે, જે મુખાલિફો શીઆના દાઅવા જેમ જ દાઅવો કરતા હોય, એના પાસે જે આવે તેના વાસ્તે સુકૂન અને મોહિબ્બો પર લુત્ફ કરનારાઓ, સખાવત કરનારાઓ, પરહૈઝગારો, રહેમ કરનારાઓ છે. તૌરાત, ઈન્જીલ અને કુરઆને અઝીમમાં એ લોગોની આ સિફતો છે.

બેશક! હમારા શીઆ માંથી મર્દે આલિમ એવા હોય કે, પોતાની ઝબાનને કાબુમાં રાખે, ઈમામ (અ.સ.) ના મોહિબ્બો (ઔલિયા) ની તાઅત કરવામાં એને ખુશી થાય, હમારા દુશ્મનો સાથે દિલી અદાવત રાખે અને એના સાથે દાવપેચ કરવાનું દિલમાં સોચી રાખે અને જે વક્ત પણ સવાર પડે તો તેઓના ઐબથી વાકિફ હોય અને તે શીઆ દુશ્મનો વાસ્તે પોતાની જાનમાં શું સમઝે છે તે ઝાહિર નથી કરતા. પોતાની આંખથી એ બદખ્વાહના આઅમાલને જોતો હોય, પોતાના કાનથી એની બુરાઈઓ સાંભલતો હોય અને પોતાની ઝબાનથી એને બદ્દોઆઓ દેતો હોય, યે સઘલાના દુશ્મનોના દુશ્મનો એના દોસ્તો હોય અને એના દુશ્મનોના દોસ્તો તેના દુશ્મન હોય.

તે વક્ત એક શખ્સે અરઝ કીધી કે, મારા બાવાજી અને માઁ થી આપ પર અય ઈમામ હું કુરબાનો ફિદા થાઉં! જેની સિફતો આપે બયાન કીધી તેનો સવાબ શું છે? જે વક્ત સવાર-સાંજ અમનો અમાનમાં રહેતો હોય અને રાતમાં પણ મહેફૂઝ રહેતો હોય તો એની મન્ઝેલત અને સવાબ શું છે? આપે ફરમાવું કે, આસ્માનને એના ઉપર સાયો કરવાનો અને ઝમીનને એના ઈકરામનો હુકમ કરવામાં આવે, નૂરને એના બુરહાનને રૌશન કરવાનો અમર કરવામાં આવે. કહેનારે અરઝ કીધી કે, દુનિયામાં એની સિફત શું હોય? આપે ફરમાવું કે,

અગર એ કોઈ ચીઝનો સવાલ કરે તો આપવામાં આવે, જો એ દોઆ કરે તો જવાબ દેવામાં આવે, જો કોઈ ચીઝની તલબ કરે તો હાસિલ કરે અને જો કોઈ મઝલૂમને યારી દે તો એને મદદ કરવામાં આવે.

**ફાયદહ** : વાકેયએ કરબલા બાદ મૌલાના ઈમામ અલી ઝયનુલ આબેદીન (અ.સ.) મદીનતુલ મુનવ્વરહ પધારા તે વક્તથી મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ના ઝમાના તક જે વક્ત શીઆઓના બારામાં આ સવાલ આપને પૂછવામાં આવા કે જે વક્ત બનુ ઉમય્યાના બદ્દીન અને ફાસિકો ફાજીર બાદશાહોનો દૌર દૌરો હતો. ઈન્સાની અખ્લાક તેની બદીની નીચેમાં નીચી સતહ પર પહોંચી ચુકેલા અને દુનિયાદાર અને લાલચું શામીઓ અને બનુ ઉમય્યાની સલ્તનતનાં વલીઓ જે તે શહેરમાં આમિલ બનીને જાતા હતા, તે દૌલતના અને રસાઈની તાકતથી શરીઅતને ખિલાફ અમલ કરતા હતા, કરાવતા હતા અને કોઈ રોકટોકની હિમ્મત કરી શકતું ન્હોતું. આ તમાશો ઘણા સાલો તક ચાલો અને એક બદ્દીનો બદ અખ્લાક પૌત આલમે ઈસ્લામમાં પૈદા થઈ જેને કુરઆનો સુન્નતનું ઝર્રા બરાબર પણ ઈલ્મ ન્હોતું. કુજા ફઝાઈલે એહલેબૈત (અ.સ.)! આ બદસુલૂકી અને જહાલતના ઝમાનમાં ઈમામ (અ.સ.) પર લાઝિમ હતું કે, લોગોમાં એક સાચા શીઆની પહેચાન કુરઆન અને હદીસની રોશનીમાં કરાવે અને આમ લોગોથી તેઓની સીરત અને અખ્લાકનો ઈમ્તિયાઝ કરે.

આ રિવાયત એક શીઆ હોવ તો ઘણી મોટી વાત છે પણ એક કામિલ ઈન્સાન, એક ઈબાદતગુઝાર મુસ્લિમ, એક બા-યકીન મુખ્લિસ મુમિનના કિરદાર અને સીરત કઈ તરહ હોવી જોઈએ તેનો ચિતાર ઈમામ (અ.સ.) સવાલ કરનારને આપે છે. આપના જવાબના કલામ એટલા પુરદર્દ, પુરલુત્ફ અને પુરઅસર છે કે, સાંભલનાર હરએક ખુલ્કે ઈન્સાની પર ગૌર કરે તો તે એક મિસાલી મુમિન બનવા કમરબસ્તા થઈ જાય અને તેની આખેરતને સઁવારી લે. શીઈયત સાથે ખરેખર ઈન્સાનીયત જોડાયેલી છે. ઈમામુઝઝમાન (અ.સ.) ની ઈતાઅત સાથે એક આમ માઅમુલી ઈન્સાનની ઝિંદગી ગુઝારવાના તરીકાની એક ખુલ્લી કિતાબ આ રિવાયતમાં નઝર આવે છે.

આના અલ્ફાઝ મોહતાજે તફસીર યા શરહ નથી પણ હર કોઈ પઢનારને ગૌરો-ખોઝ કરવા પર મજબૂર કરી દે છે. દુનિયામાં આજના વક્ત અને માહૌલમાં સોશિયલ મીડીયા પર બેશુમાર મઝહબના અનગિનત બાવાઓ, મૌલવીઓ અને સંતોના બોલ અને વચનો સાંભલવા મિલે છે અને આ શાકેલતના ગહરા, જામેઅ, દીનો દુનિયાની હકીકતને મિલાવનાર,નસીહતઆમૈઝ, ઈબરતઆમૌઝ, સબકઅફરૌઝ કલામ શાયદ જ કોઈની ઝબાનથી અદા થાતા હશે જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અહલુલબૈત (અ.સ.) નાં હક્કનાં ઈમામોએ અદા કરેલ છે. એક કૂઝામાં બેહરે કુલઝૂમ સમાવી દીધેલો છે.

કલેમાતે ઈમામીયહમાં કુરઆની તાઅલીમાતની કુલ્લી તૌર પર ઝલક નઝર આવે છે, સબબ કે, આપ કુરઆનના નાતિક છે અને એમાં બયાનશુદા અખ્લાકે કરીમહના મુજસ્સમા છે. અહલુલબૈત (અ.સ.) થી કૌલ વારિદ થયેલો છે કે, દીન ફક્ત નમાઝ-રોઝાનું નામ નથી. મગર અલ્લાહતઆલાએ જિસ્મના તમામ આઅઝા પર ઈમાનની હકીકતો ફરઝ કીધી છે તે મુજબ અમલ કરીને કામિલ મુમિન બનવું એ દીન છે. આપના નસીહતના કલામો ઈબ્રતઆમૌઝ છે અને ઈન્સાની ઝિંદગીના હર ગૌશામાં હુસ્ને મોઆશેરત અને મુઆમેલાતની રગબત આપે છે. ઈન્સાન સમાજી હૈવાન છે અને એના જિન્સ સાથે હુસ્ને સુલૂકથી ઝિંદગી ગુઝારવી એને પર લાઝિમ છે. મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એ એક શીઆની સીરત અને ખસલત બયાન ફરમાવી. અહલુલબૈત (અ.સ.) ના અખ્લાકે મહેમૂદહ અને કિરદારે સલીકાનાની રફઅત અને બલંદીની શાનાત બયાન ફરમાવે છે. એક મુમિન એ જ શીઆ છે અને એક શીઆ એ જ મુમિન છે. અલ્લાહતઆલાએ મુમિનને હિઝબુલ્લાહ અને ઈબાદુર્રહેમાનનો હિસ્સો માનેલો છે. કુરઆને કરીમમાં અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર એક મુકમ્મલ સુરત "મુમેનૂન" ના નામથી નાઝિલ ફરમાવી છે. મુમિન અલ્લાહનું જ એક નામ છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની ખિદમતે મુરતઝવીયહમાં એક અદના શખ્સ હાઝિર થયો. આપને અરઝ કીધી કે,

મુમિનની સિફત બયાન ફરમાવો. આપે જવાબ ના આપો. બીજી વક્ત અરઝ કીધી તો પણ આપ ખામોશ રહ્યા. તીસરી વક્ત અરઝ કીધી તો આપે સિફાતે મુમિન બયાન કરવાનું શુરૂ કીધું અને આપની ઝબાને અલવીથી હજી મુમિનની તાઅરીફની બયાની પૂરી નથી થઈ અને તે શખ્સને મૌત વાકેઅ થઈ ગઈ. આ શાન મુમિનનાં ઈમાનની અને શીઆના અકીદાની છે.

આજના ઝમાનામાં અખ્લાકી ગિરાવટ, બદતહેઝીબી અને બદએઅતેકાદીની ઝલાલતનો દરિયો એ તરહથી દુનિયાની ખબાસતભરી ઝમીનમાં પૈવસ્ત થઈને મૌજ મારી રહ્યો છે કે, કુરઆન ફકત એક ઈસ્મ, ઈમાન એક રસ્મ અને ઈસ્લામ એક લફઝ બાકી રહી ગયા છે. બુઝુર્ગ હોય કે જવાન, વેપારી હોય કે દુકાનદાર, મોઅલ્લિમ હોય કે શાગિર્દ, હર કોઈ પોતાને મોટા આલિમ, ફાઝિલ અને પરહેઝગાર સમઝીને પોતાની ઝાતને છેતરે છે અને તેથી એની શખ્સીયત અને સીરતમાં શીઆપનાની દૂર દૂર તક કોઈ અસર કે અલામત દેખાતી નથી.

મઝકૂર રિવાયતમાં શીઆની ખસલતોને જમા કરીએ તો, એક મુકમ્મિલ ફહેરિસ્ત દરાઝ બની જાય છે. જે એક શીઆની પહેચાન વાસ્તે કિફાયત કરે છે. ઈમામ (અ.સ.) શીઆના દિલના હાલાત અને કૈફીયત પર ઝિયાદહ વઝન મુકે છે અને સવાલ કરે છે કે, મારા શીઆ એના દિલથી ઈખ્લાસ રાખીને એની જાનને સવાલ નથી કરતા કે તેઓ ખરેખર હકીકી શીઆ છે કે જેનો તેઓ દાઅવો કરે છે અને એના પર ફખર મહેસૂસ કરે છે? આપ તે બાદ સાફસાફ અલ્ફાઝમાં ફરમાવી દે છે કે, સાચા શીઆના આઅમાલ અલ્લાહતઆલા વાસ્તે હોય છે અને મૌત બાદ તેનું ઠેકાણું મલાએકત, અંબિયા, મુરસલીન, ઔસિયા, અઈમ્મત અને દોઆતે સાલેહીન સિદ્દીકીનની રિફાકત જ છે.

આપ દૌલત, સરવત, મિલ્કત, જાહો હશમ અને જૂઠી શાનૌ શૌકતની મુખાલેફત કરીને એક અદના શીઆના જિસ્મના હાલાત, કૌમમાં એનું મકાન અને જગા એની શરીઅતની વાબિસ્તગી અને ખુદાતઆલા તરફની રગબત અને ઈબાદતનો હોશ અને તરગીબની ખૂબ તહેસીન અને હોંસલા અફઝાઈ કરે છે. આપ અંદાઝન ૬૦ (સાઈઠ) આદાબને યકે બાદ દીગર કલમબન્દ

કરીને સાઈલને વસીયતના પૈરાયામાં નસીહત ફરમાવે છે કે, જે કલામ સાંભલી સવાલી ગશમાં આવી ગયો અને ઈમામને પૂછવા લાગો કે, શું આ સિફતનાં લોગો દુનિયામાં મૌજૂદ છે? એ લોગો કહાઁ મિલે? ઈમામ એને તસલ્લી દેતા જવાબ દે છે કે, ઝરૂર મિલે. ઝમીનના છેડાઓમાં નિકલી જાઓ. તલાશ કરો. ચહેરા પરથી તેઓની પહેચાન થાશે જ નહીં. આજના દૌલતમંદોએ મારા શીઆને એટલા હલકા અને બેબસો બેકસ માની લીધા છે કે તેઓ અગર તેમની દીકરી પર માંગણું નાંખે તો શાદી કરાવવા તૈયાર ના થાય. મારા શીઆઓમાં ઐબ નિકાલે. એમ સમઝે કે, તેઓની દૌલત તેઓની ઝિંદગીના આખિરી દિન તક રહેશે અને તેઓને નિભાવશે. અલ્લાહતઆલાએ શીઆઓને સયાનત, હોશિયારી અને અક્લમંદીથી એવા માલામાલ કરેલા છે કે જ્યારે આવા જાહિલો તેઓને ખિતાબ કરે છે તો ઝબાઁદરાઝી કરવાને બદલે ફક્ત કહી દે છે - "સલામ!".

## (૨૩)

## લોગોથી નૈક અખ્લાકથી મુલાકાત અને અદબો તહેઝીબ વાસ્તે શીઆને હીદાયાત.

મૌલાના અબુ અબ્દિલ્લાહ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપે આપના બાઅઝ શીઆને વસીયત કરતા ફરમાવું કે, લોગોના સાથે બહેતર અખ્લાક (ખુશઆદાબ) થી સુલૂક કરો, તમેં એની મસ્જિદોમાં નમાઝ પઢો. બિમારોની ઈયાદત (મિઝાજપુરસી) કરો. એના જનાઝાઓમાં શામિલ થાઓ, હાઝિર થાઓ. અગર બની શકે તો ઈમામો અને મોઅઝ્ઝિનો બનો. અગર તમેં આ મિસ્લ કરશો તો લોગો કહેશે કે, ફલાનો ફિરકો છે, ખુદા ફલાનાને રહેમ કરજો કે એના અસ્હાબ (માનનારાને) ઘણી ઉમદા અદબો શીખાવે છે.

**ફાયદહ** : મદીના મુનવ્વરહની તમામ મસ્જિદોમાં બનુ ઉમય્યાના યઝીદી મોઅવીયાઓના ઈમામો નમાઝ પઢાવતા હતા. તેઓ શીઅતો અલી અમીરૂમ મુમેનીન (અ.સ.) ન્હોતા. નાસિબી પાછલ નમાઝ પઢવું હરામ છે.

એહલેબૈત (અ.સ.) ના દુશ્મનો પાછલ નમાઝે ઈમામત કુબૂલ થાતી નથી. તે તો મસ્જિદમાં એક બુત-મુર્તિ અને થાંભલાની મિસ્લ હોય છે જેનું દિલ કાલું રૂહે વલાયતથી ખાલી હોય છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એક હકીકતથી ખુબ વાકિફ હતા કે, જો તમામ આપના શીઆઓ મસ્જિદમાં જાવાનું ટાલશે તો દુશ્મનોને માઅલૂમ થઈ જાશે કે, શીઆ કૌન કૌન છે અને તેઓને ચૂની ચૂનીને તકલીફ પહોંચાવશે અને તેઓનું કત્લ કરશે. આપ ઝમાનાના ઈમામ અને મુમેનીનના મુહાફિઝ છે. આપનું દીન તકીય્યાનું દીન છે. આપ તે વક્તમાં લોગોના ઝહેનમાં ચાલતા ફિક્રો ખ્યાલથી વાકિફ હતા. અગર નૌબત હલાકત, કત્લ અને જાનતલ્ફી પર આવે તો કઈ શાકેલતથી અમલ બજા લાવવા તે આપે મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વસાયતના ૩૦ સાલના દૌરાનના માજરાને મલહૂઝે નઝર રાખેલો હતો અને પૂરી તારીખ અને અખ્બારથી વાકિફ હતા. આપ ખુદ જુમોઆના દિન મદીનાની મસ્જિદમાં નમાઝમાં હાઝિર થાતા અને એ તરીકાથી તકીય્યાની નમાઝ દુશ્મને અહલેબૈત (અ.સ.) ના ઈમામ પાછલ અદા કરતા કે જાણે તે એક કિબ્લામાં મુકવામાં આવેલો થાંભલો હોય.

આપ શીઆઓને તેથી જ નસીહત કરતા હતા કે, તમેં લોગો સાથે મિલીને રહો અને એ તરહ તમારી શખ્સીયતને અલગ ના કરી દો કે ઉમ્મતમાં તફરીક-જુદાઈ વાકેઅ થાય અને તુખ્મે ફસાદો ફિતનાથી ઝઘડાઓનું દરખ્ત ઉગે. આ એવા ઝમાનાનો આપનો રદ્દે અમલ હતો કે જે વક્ત બનુ ઉમય્યા અને બનુ અબ્બાસ લોઅનાની સલ્તનતનો દૌર હતો. આજના જમ્હૂરીયતના ઝમાનામાં હર કોઈ શખ્સ તેના અકીદાની મુનાસેબતથી જે ચાહે તે અમલ બજા લાવવા મુખ્તાર છે અને કોઈ બાહરી તાકતનો ઝૌર ઝબરદસ્તીનો માહૌલ નથી. તેથી શીઆઓના અકીદા મુજબ, મોહર્રમમાં યા કે રમઝાનમાં ઈસ્માઈલી તૈયેબી અલવી જમાઅતનાં મુમેનીનને બીજા અકીદાઓમાં વાડામાં શું હરકત થાય છે તેની હરગિઝ પરવાહ કરવી જોઈએ નહીં. એ મસ્જિદો અમારે વાસ્તે છે જ નહીં કે જહાઁ "મોહંમદુવ વ અલીયુન ખૈરૂલ બશર" અને "અશ્હદો અન્ના મૌલાના અલીયંન વલીયુલ્લાહ" બોલાતું ના હોય. આકિલને ઈશારો કાફી છે અને આદિલને શાહિદી.

## (૨૪)

## અલ્લાહતઆલાએ શીઅયાને અલી (અ.સ.) ને જન્નતી નેઅમતોંનો જે વાઅદો કીધેલો છે તે શરીઅતના અરકાનની અદાએગી બગૈર મુમિક્ન નથી.

આપ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ આપના બાઅઝ શીઆઓને વસીયત કરતા ફરમાવું કે, તમેં સઘલા પરહૈઝગારી અને ઈજ્તેહાદને લાઝિમ રહો. સાચી વાત કહો. અમાનત અદા કરતા રહો. જે મઝહબ પર છો એને પકડી રાખો. તમારા માંથી કોઈનો જાન યહાઁ તક પહોંચશે તે જ વક્ત એને ખુશી થાશે અને આપે આપના હાથથી આપના હલક તરફ ઈશારો કીધો. તે બાદ આપે ફરમાવું કે, અગર ઝિંદા રહેશો તો તે ચીઝ જોશો કે જેથી તમારી આંખો ઠંડી થાશે અને મરી જાશો તો કસમ બખુદા તમેં બહેતરમાં બહેતર સલફ (વડૌવાઓ) ને જઈ મિલસો, ભલા સલફ તમારા વાસ્તે છે.

હોશિયાર, ખુદાના કસમ! યકીનન તમેં અલ્લાહના દીન અને મારા દીન અને મારા બાવાજીઓના દીન પર છો. હોશિયાર, ખુદાના કસમ! બાવાજીઓથી મુરાદ ફક્ત મોહંમદ બિન અલી (અ.સ.) અને અલી બિન હુસૈન (અ.સ.) ની જ નથી રાખતો, બલ્કે ઈબ્રાહીમ (અ.સ.), ઈસ્માઈલ (અ.સ.), ઈસ્હાક (અ.સ.) અને યાકૂબ (અ.સ.)ની પણ મુરાદ રાખું છું અને હકીકતમાં દીન તો એક જ છે, તો તમેં ખુદાથી ડરો અને પરહૈઝગારીથી હમારી મદદ કરો. અલ્લાહના કસમ! કોઈની નમાઝ યા કે ઝકાત યા કે હક્ક કુબૂલ થાશે નહીં, કોઈના ગુનાહોંની મગફેરત થાશે નહીં, મગર તમારા. બેશક! હમારા શીઆ તે છે કે, જે હમને તાબેઅ થાય અને હમારી મુખાલેફત ના કરે, હમેં ખૌફમાં હોઈએ તો એ પણ ખૌફમાં હોય, હમેં અમાનમાં હોઈએ તો એ પણ અમાનમાં હોય, તે જ હમારા શીઆ છે. તહેકીકન ઈબ્લીસ મલ્ઊન લોગો પાસે આવો તો લોગોએ એની તાઅત કીધી અને હમારા શીઆ પાસે આવો તો એની નાફરમાની કીધી. તેથી ઈબ્લીસે લોગોને શીઆના ખિલાફ વરગલાવી મુકા અને તેના બહેકાવવાથી જ લોગો તરફથી શીઆને ઈઝા પહોંચી રહી છે.

**ફાયદહ** : દાઅવતે હાદીયહના દાએરામાં રહેનારમાં અગર ઈજતેહાદ (મહેનત-મશક્કત-જદ્દોકદ), પરહૈઝગારી, અમાનત અદાએગી જેવા અખ્લાક ના હોય તો એમ કહેવાય કે, તે દાઅવતમાં તો છે દાઅવતને કુબૂલ પણ કરે છે, પણ દાઅવત એક હયાતે તૈયેબહ છે એ સમઝથી એની અક્લ ખાલી હોય છે, તો દાઅવતના રૂકન, એની શરતો અને અકીદાઓને તેએ નઝરઅંદાઝ કરી દીધા કહેવાય. આપ ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, દાઅવતે હક્કના હરમમાં અલ્લાહતઆલાએ તમને પૈદા કીધા છે તો તમેં તેને વલગી રહો અને અમરના સાહેબના દામનને પકડી રાખો. તે જ હબ્લુલ્લાહ અને ઉરવતુલ વુસ્કા છે અને નજાત તરફ ચઢવાની સીડી છે. હમને હિદાયત, બૈયેનાત, ઈબાદાત અને હકીકી શરીઅતે ગર્રા મિલી ગયા છે તે નજાત વાસ્તે કાફી છે અને તે જ સિરાતુલ મુસ્તકીમ છે.

ડાબે-જમણે જોવાની અમને ઝરૂરત નથી. જે છે તે ૧૪૩૦ વરસ પહેલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ૧૦ હિજરી સાલમાં ૧૮ ઝિલહજ્જે, ૭૦ હઝાર હુજ્જાજના મજમઅમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને મૌલાના લકબથી નવાઝા અને આપના કાઈમ મકામ, વસી અને નાઈબ મનાબ બનાવા તે વક્તથી જ હમારા મૌલા અલી (અ.સ.) અને આપની ઝુર્રીયતે તાહેરામાં ફાતેમી ઈમામો છે જેઓને દાઅવતની ઝમીનમાં ઈલ્મો માઅરેફતની એવા મીઠા ઠંડા પાનીની નહેર જારી કરી દીધી છે કે, આજ તક મુમેનીન એથી ઈસ્તેફાદો (ફાયદો) લઈ રહ્યા છે અને એનું વહેણ અને જોશ કોઈ વક્ત હલકો પડશે નહીં અને સુકાશે નહીં. એ જ ઈલ્મનું પાની મુમેનીન દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના દસ્તે મુબારકથી પીને પોતાની પ્યાસને બુઝાવી રહ્યા છે અને હર ઝમાનમાં એક દાઈ અને હાદી મુમેનીનને ઈલ્મના પાનીથી સૈરાબ કરી રહ્યા છે. યહાઁ તક કે, હરએકને મૌત આવે, એના જાન એના હલ્કૂમ તક પહોંચે અને મંઝિલે આખેરતમાં પહેલા કદમ પર એ વારિદ થાય કે તે પછી તેને કોઈ મૌત નથી. અગર જો એ દુનિયામાં ઝિંદા રહે તો તેની આંખોથી એવી ચીઝોને નઝરો નઝર જોશે કે જેથી એની આંખો ઠંડી થાશે અને એ નઝારો કેવો કે એના વડૌવાઓનો હાથ ઈમામોના દામનને

થામનાર હશે અને ઈમામોના હાથ અમીરૂલ મુમેનીન (અ.સ.) ના દામનને પકડનાર હશે કે જેની નિશસ્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક મકામે મહમૂદના મિમ્બરને જમણી તરફ અને અરશે ઈલાહીને જમણી તરફ હશે. કેવો આલી મકામ એ મુમિન બંદાનો હશે કે, જેએ તેના વડૌવાઓ અને દોઆતના મઝહબને પોતાના હાથથી થામેલો હશે. હલાકી અને વૈલ છે તે ખારિજી લોગો વાસ્તે જેઓએ અહલુલબૈત (અ.સ.) ના મઝહબ અને દીને કૈયેમ-કામિલ દીનને તરછોડી દીધું. દુનિયામાં અંધા અને ગુમ્રાહ થયા અને આખેરતમાં એના કરતા વધીને ગુમ્રાહી અને સૈયેઅતમાં પડા.

જે શખ્સ કોઈને સાથે દુનિયામાં મોહબ્બત કરશે તેને સાથે અલ્લાહતઆલા એનો આખેરતમાં હશ્ર કરશે. દુનિયામાં જે કોઈ મકામાતે ઈલાહીયહ અને મરાતિબે નૂરાનીયહ રૂહાનીયહના સાહેબોથી કોઈ મુખાલેફત કરે તે શું આખેરતમાં તેને કરીબ આવી શકશે, હરગિઝ નહીં! તે તો ઝિયાદહ દૂરી પર હશે. બલ્કે એને ઔલિયાએ મુત્તકીન શોહદાએ સાલેહીનની રિફાકત યા સથવારો જ નસીબ થાનાર નથી.

આપ ઈમામ આલી મકામ (અ.સ.) દીને હક્કના બાબતમાં ફરમાવે છે કે, મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.), ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ (સ.અ.) નું દીન એક જ છે. આ તમામ ઈમામો, નબીયો અને વસીઓ અમારા બાવાજીઓ જ છે, જેને પર અલ્લાહતઆલા અને એના મલાએકત સલવાતો સલામ પઢે છે. આપ હર મરતબા, પરહૈઝગારી, ખૌફે ખુદા, ઈબાદત, અમાનાતની અદાએગીની નસીહતો દોહરાવતા જ રહે છે.

આપ મુમેનીનને બશારત અને ખુશખબરી આપે છે કે, શીઆના આઅમાલ જ બારગાહે ખુદાવંદીમાં મકબૂલો માઅરૂફ છે. શરીઅતના અરકાનની બાખૂબી અને મુકમ્મિલ અદાએગી હમારા શીઆ હમારી હિદાયતને મુતાબિક કરે છે, એમાં યૌમે કેયામત તક કોઈ કમી, બૈશી યા તબ્દીલો તાહવીલના ફત્વાઓની કોઈ ગુંજાઈશ નથી. દીગર ફિરકાઓના રઈસોએ દુન્યાવી બાદશાહોને ખુશ રાખવા પોતાની રાઈ-કિયાસ અને હવાનફસીથી અહલુલબૈત (અ.સ.) ના મઝહબના અહેકામની રિવાયતોને

તોડી મરોડી નાંખી અને હરએક વાડાના નીમ હકીમ મિસ્લ આલિમોએ તેઓને અને લોગોને ગમતી રિવાયત અને શરીઅતના અરકાનમાં અસલીયત અને એઅતેમાદને મિટાવીને લોગોને ઓછી દિક્કત અને મશક્કત થાય અને લોગોની નઝરમાં તેઓ મહેબૂબ અને પસંદીદહ રહે એ તરહની બનાવટો કરીને શરીઅતને રાઈજ કીધી. અલ્લાહતઆલા એવા લોગોની ઈબાદાત, રોઝા-નમાઝ કહાઁથી કુબૂલ કરે કે જેઓની ઈસ્લામી શરીઅતની કિતાબોમાં સર અને જિસ્મ બગૈરની વાતો લખેલી હોય અને લોગો એના પર ચૂનો ચેરા કીધા બગૈર અમલ કરતા હોય. યે લોગોએ તે આમ-તેમથી ઈલ્મ લીધું અને એનેજ હક્કનું ઈલ્મ સમઝી બેસા.

હમારા આઅમાલ બારગાહે ઈલાહીમાં કુબૂલ અને મુસ્તજાબ હોવાથી હમારી મગફેરત અને શફાઅત પણ સાબિત છે. હમારા શીઆ હમારાથી હરગિઝ જુદા નથી. હમારાથી શીઆને કોઈપણ શહેર-ગામમાં તકલીફ પહોંચે એ હમને તકલીફ પહોંચી બરાબર છે અને હમારી ખુશી અને અમનો અમાનમાં હમારા શીઆની અમાનો સલમતી છે.

આપ ફરમાવે છે કે, આ શૈતાની દુનિયાપરસ્ત દુનિયાતલબ માદીતાકતોના તસલ્લુત અને દુનિયાવી બાદશાહોના ઝુલ્મનાં દૌરમાં શીઆને આફતો બલા તો ઉચકવી જ પડશે. ઈબ્લીસો-શૈતાન પહેલા શીઆઓને વરગલાવવા અને બહેકાવવા આવો. તેના મકરો ફરૈબ અને ચાલબાઝી જાલસાઝીમાં તે ફાવો નહીં, નાસીપાસ થઈ ગયો, બેબસ-લાચાર થઈ ગયો. એહલે બૈત (અ.સ.) ના શીઆ ભલા શયતાની મકરો-ખદીઅતની જાલમાં કંઈ ફસાય જાય એવા છે? હરગિઝ નહીં! શીઆની બે આંખો દરમિયાનની પૈશાની પર નૂર જોઈને જ શૈતાન-ઈબ્લીસ અંજાય જાય છે. શીઆ ઈલ્મો-અમલ સાથે હિકમતો કિતાબથી શરીઅત પર પાબંદ હોવાથી તેના દિલમાં ઈમામુઝઝમાન (અ.સ.) ની વલાયતના નૂરનું નુક્તું ઘણું રોશન હોય છે, તેથી શૈતાન તેને બહેકાવવામાં વક્ત ઝાયેઅ કરતો નથી અને મૈલી કુવ્વત અને ઈબ્લીસી તાકતને વેડફી દેતો નથી.

આ દરમિયાન તે કમ્ઝોર અકીદાના, મુઝબઝબ ઈમાનનાં, શરીઅતમાં

આસાની અને મનમાની તલાશ કરનાર દિલના બે સિબાત લોગોના ટોલામાં આવીને ડામકડોલ દિલોને ઉમ્દા લિબાસ, લઝીઝ જમન, ફરેબી કલામના દિલનશીન નુસ્ખાથી લુગામ બગૈરના ઘોડાઓના ઘોડાપૂરમાં હમલાવર થઈને તેને તરહ તરહની લાલચ આપીને કબ્ઝા અને કાબૂમાં લઈ લે છે અને શીઆઓને ખિલાફ ભડકાવે છે, ફિત્ના પરવર બનાવે છે. ફસાદકુન ઝહેનને તૈયાર કરે છે અને જાહિલો, ગુમ્રાહોનું ટોલું તેના હદફ, મક્સદ અને મૈલી મુરાદની એક ચાદરમાં ભેગું થઈને હલીમ, કરીમ, રહીમ, મુત્તકી શીઆઓ પર હમ્લો કરે છે. હઝરત આદમ સફીયુલ્લાહ (અ.સ.) ના ઝમાનાથી ખત્મુલ મુરસલીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાના તક એના જે જે મન્સૂબામાં એ કામિયાબ ના થયો હોય અને મૌકા તલાશ કરતો હોય, તે હવે દૌરે મૌહંમદીમાં તેની મુન્ફી કુવ્વત - **Negative Energy** ને ખર્ચ કરવાનું થાની લે છે તાકે, સાતમા નાતિક મૌલાના કાઈમ (અ.સ.) ના ઝુહૂર તક દુનિયામાં પરહૈઝગારી અને અહલુલબૈત (અ.સ.) ના મોહિબ્બો અને શરીઅતે ઈસ્લામનું નામો નિશાન બાકી ન રહે તે વાસ્તે હર મુમ્કિન કોશિશે પૈહમ કરે છે.

આજે હક્કની અલવી જમાઅતના મુમેનીન આ નઝારો જોઈ રહ્યા છે. શૈતાને ઈબ્લીસી ચાલ ચાલીને, મુનાફિકોને ભડકાવા, બાતિલના લોગોના અકીદા તરફ માઈલ કીધા, હક્કના લોગો દરમિયાન ગુમ્રાહ ખ્યાલોને અને બદઅકીદાઓને ખારિજીઓના ઝરીએ ઝર્રીન ઝીનતદાર લિબાસ પહેરાવી, હક્કની કડવી પણ સચોટ વાતોને શીરની અને ચાશનીમાં ડૂબાવીને સાદા લોહ, સાદા મિઝાજ, જવાન મુમેનીનને પૈશ કીધા અને શક શોબેહાતમાં વાકેઅ કરી એની મૈલી મુરાદમાં તે કામિયાબ થયો. તેથી મુમેનીન પર આ શૈતાન સિફત ખારિજીઓની ઝબાનો કલામ, હરકતો સકનત અને ફિકરો ખ્યાલથી બાહૌશ રહેવું લાઝિમી છે. તેથી ઈમામ આલી મકામ (અ.સ.) આપનાથી મઝકૂર ઘણાં નસીહતનાં કલામોમાં ફરમાવે છે કે, મુત્તકી લોગોની સોહબત ઈખ્તિયાર કરો, ઝબાનને બંધ રાખો, જે વાત દુશ્મનો સમઝતા ના હોય તે હરગિઝ ઝબાનથી ન બોલો અને અલ્લાહતઆલાએ તમને જે જમાઅતે હક્કમાં તમને પૈદા કીધા છે અને જે અકીદા પર તમેં છો તે પર કાઈમ રહો.

દાઈયુઝઝમાન, નાઈબો ઈમામિલ મુત્તકીન સૈયેદના વ મૌલાના અબુ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ખુદાતઆલની બારગાહે ઈલાહીમાં દોઆ ફરમાવે છે કે, માઅબૂદે હક્ક તમામ તૈયેબીન-તાહેરીન-અલવીયીન-ઈલ્લીયીન મુમેનીનને ખમ્સતુલ અત્હાર (અ.સ.), અઈમ્મતે અખ્યાર (અ.સ.) અને દોઆતે અબરાર (ર.અ.) ના મઝહબ અને અકીદા પર સાબિત અને કાઈમ રાખે અને નાસેહે અમીનની નસીહતે હસનહ અને હિકમતે અમલીયહ પર ગામઝન કરાવીને દારૂલ આખેરત વાસ્તે ઝાદુત્તકવાનો એહતેમામ કરવાની નેક તૌફીક આપે. આમીન યા રબ્બલ આલમીન. ☆